

આર્યપુત્રીઓ ! સાવધાન !

ઉર્વા અધ્વર્યુ

આર્યપુત્રીઓ સાવધાન

The future of society is in the hands of the mothers. If the world was lost through women, she alone can save it !

- De Beaufort

'સમાજનું ભાવિ માતાઓના હાથમાં છે. દુનિયા જો સ્ત્રીઓને કારણે પાયમાલ થઈ હોય તો તેનો ઉદ્ધાર પણ સ્ત્રીઓ જ કરી શકે છે !'

જગતના કલ્યાણની જન્મદાત્રી સ્ત્રી આજે ઉપભોગનું રમકડું અને વિકૃત જાતીયતાનો શિકાર બની રહી છે...

આવા સમયે આર્ય કન્યાઓ ઉપર સૌથી મોટો ખતરો તોળાઈ રહ્યો છે : મુસ્લિમ યુવાનો દ્વારા થતું તેનું જાતીય શોષણ ! તેની મજબૂરીનો લાભ લઈ, તેને શિકાર બનાવી, એ લોકો 'પ્રેમ'ના નામે સેંકડોની સંખ્યામાં ભારતીય કન્યાઓને લોહીનો વેપાર કરાવી રહ્યા છે...

દરેક મોટા શહેરમાં અનેક વખત સેક્સ રેકેટ અને હિન્દુ કન્યાઓના બ્લેકમેઈલિંગના સમાચારો અરેરાટી ફેલાવતા જ રહ્યા છે...

મિત્રો ! સ્ત્રીભ્રૂણ હત્યાની આપણને ચિંતા છે,

દહેજના ખપ્પરમાં હોમાતી કોડભરી નવવધૂઓની આપણને શરમ છે.

પરંતુ તેના કરતાંયે આપણી આખી સનાતન પરંપરાનો સર્વનાશ કરતા મુસલમાન મૌલવીઓ, યુવાનોના છળકપટની આવી ચાલબાજીઓ સામે આપણે આંખ મીંચામણાં કરી રહ્યા છીએ... શા માટે ?

આપણી આર્યપુત્રીઓ સાવધાન થઈને કીડા-મંકોડા જેવી હીનવૃત્તિના મુસલમાનોની સામે શૂરવીર થવાનો સમય આવી ગયો છે...

આ પ્રશ્નોના ઉત્તરો માટે વાંચો, આ પુસ્તિકા !

અહીં હિન્દુ કન્યાઓને આ પુણ્યવતી ધરતીની મહેક સાચવી રાખવાનો શંખનાદ સંભળાવાયો છે...

આપણી કન્યાઓ વિકૃતોને જડબાતોડ જવાબ આપી શકે, તે માટે રણશિંગાં ફૂંકવામાં આવ્યાં છે...

ક્રાંતિની જ્યોતનાં અજવાળાં જો તમને આ પુસ્તિકાનાં પાને પાને પરખાય તો જરૂર તમારી સખી-સહેલીઓને પણ વંચાવો... તેમના જીવતરને પણ ધન્ય બનાવો... સૌને પવિત્રતા અને સંયમિત જીવનના પાઠ પઢાવો...

આર્યપુત્રીઓ !
સાવધાન !

॥ૐ॥

આર્યપુત્રીઓ !
સાવધાન !

ઉર્વા અધ્વર્યુ

દેવાશિષ પ્રકાશન

AryaPutrio ! Savdhan !
(Inspiration to Young Hindu Girls)
by Urva Adhvaryu

પ્રથમ આવૃત્તિ : ૬ ડિસેમ્બર, ૨૦૦૨ (પ્રત : ૭,૦૦૦)
દ્વિતીય આવૃત્તિ : મકરસંક્રાંતિ, ૨૦૦૩ (પ્રત : ૧૫,૦૦૦)
તૃતીય આવૃત્તિ : જન્માષ્ટમી, ૨૦૦૭ (પ્રત : ૧૫,૦૦૦)
ચતુર્થ આવૃત્તિ : ગુરુપૂર્ણિમા, ૨૦૧૧ (પ્રત : ૧૦,૦૦૦)
પાંચમી આવૃત્તિ : જૂન ૨૦૧૩ (પ્રત : ૧૦,૦૦૦)
છઠ્ઠી આવૃત્તિ : ફેબ્રુઆરી ૨૦૧૫ (પ્રત : ૧૦,૦૦૦)
સાતમી આવૃત્તિ : એપ્રિલ ૨૦૧૭ (પ્રત : ૧૫,૦૦૦)

મૂલ્ય : રૂા. ૧૫-૦૦ (સ્વામિનારાયણ અક્ષરપીઠના અનુદાનથી
મૂળ કિંમત **રૂા. ૨૦-૦૦**માંથી ઘટાડેલી કિંમત)

આવરણ સજાવટ :
રૂપેશ ડાભી

મુદ્રક અને પ્રકાશક :
દેવાશિષ પ્રકાશન
બી - ૮, પાર્થ એપાર્ટમેન્ટ,
ઇન્ડિયા કૉલોની માર્ગ, ઠક્કરનગર ઍપ્રોચ,
ચમક ચૂના સામે, બાપુનગર,
અમદાવાદ – ૩૮૨ ૩૫૦

પ્રાસ્તાવિક

કોઈ પણ યુગ ઉજ્જ્વળ બન્યો છે નારીશક્તિની પવિત્ર - નિર્મળ પ્રભાથી અને કલહના વંટોળ ઊઠ્યા છે નારી-વિકૃતિના ગહન અંધકારથી.

એટલે જ ઋષિઓ કહી ગયા છે : 'संस्कृता स्त्री पराशक्तिः ।'

અર્થાત્ 'શીલવતી સંસ્કારી સ્ત્રી પરમ શક્તિ છે !'

પ્રજાતંતુના વિકાસમાં સ્ત્રી-પુરુષ બંનેનું યોગદાન છે, પણ પુત્ર-પુત્રીઓના જીવન ઘડતર, પાલન-પોષણ અને શિક્ષણ-સંસ્કારમાં જો કોઈનો અપ્રતિમ પ્રભાવ હોય તો તે 'મા'નો છે, સ્ત્રીનો છે.

'प्रजाविशुद्धार्थं स्त्रियं रक्षेत् !'

'શુભ સંસ્કારવાળી પ્રજાની પ્રાપ્તિ માટે સ્ત્રીની રક્ષા કરો !' આ નાદ બહુ પ્રાચીન છે, પણ આ નાદની સૌથી વધુ આવશ્યકતા વર્તમાન યુગમાં ઊભી થઈ છે. વિરાટ ધરતી પર આપણી હિન્દુ પ્રજાની હિન્દુસ્તાન એકમાત્ર માતૃભૂમિ છે ! અને આપણી પુત્રીઓના હૃદયમાં આ દેશની અસ્મિતાનો દીવો દિવસે ને રાતે સતત ઝાંખો થતો જણાઈ રહ્યો છે... આધુનિકતા, સ્વચ્છંદ અને પરધર્મીઓના રૂપરંગના ચાળે ચડેલી આ યુવતીઓનું કાંડું પકડીને એમને રાષ્ટ્રીય પ્રવાહની દિશા કોણ સૂચવશે ? આધ્યાત્મિક ઊંચાઈઓ પર નજર નાખતાં કોણ શીખવશે ?

'स्वधर्मे निधनं श्रेयः परधर्मो भयावहः !'નો ગીતાનાદ એમને કોણ સંભળાવશે ? પોતાના ધર્મ સાથે કે પોતાના ધર્મ માટે મરી જવું બહેતર છે, પણ પરધર્મમાં પ્રવેશ ભયાનક છે – કૃષ્ણનો આ સંદેશ આપણી પુત્રીઓનાં અંતરદ્વાર જલદીથી ઉઘાડે... એવી ઊંડી આશા સાથે આ પુસ્તિકા ભારતની માતૃશક્તિનાં ચરણે અર્પણ છે !

અને આ દેશની મૈત્રેયીઓ માત્ર પાંચ-પચાસ રૂપિયાની રોજિંદી ખર્ચી મળવાથી, કે સારી ખાણી-પીણીની લાલચ મળવાથી આપણી ભવ્ય કલ્યાણકારી હિન્દુ પરંપરાને ધ્વસ્ત કરવાની પ્રક્રિયામાં ભરાઈ ન પડે, તેની જાણ કરવાનો આ પુસ્તિકાનો હેતુ છે.

શૂરતા, ધીરતા, પરિપક્વતા અને આધ્યાત્મિકતાનો સંગમ આધુનિક યુગની હિન્દુ નારીના અનિવાર્ય સદ્‌ગુણો બની રહેશે, અને તે દઢાવવાની પ્રેરણા આ પુસ્તિકા આપી શકશે, તો આ લખાણ સાર્થક થશે...

પરમ કૃપાળુ પરમાત્મા અને ભારતના બ્રહ્મનિષ્ઠ સંતોની આપના પર શત શત ધારાએ કૃપાવર્ષા થાય કે જેથી તમે હિન્દુત્વની રક્ષિકા બની, તેના સંવર્ધનમાં તમારું સર્વસ્વ બલિદાન કરવા તત્પર બનો...

❖

દ્વિતીય આવૃત્તિ વેળાએ

સાંસ્કૃતિક મૂલ્યોના હ્રાસની ચિંતા જૂની પેઢીને જ નહીં, નવી પેઢીને પણ એટલી જ છે, અને એટલે જ નવી પેઢીની હજારો કન્યાઓએ આ પુસ્તિકાને હર્ષભેર વધાવી લીધી છે. પૂજ્ય પ્રમુખસ્વામી મહારાજના આશીર્વાદ તથા વાચકોના પ્રતિસાદને કારણે આ બીજી આવૃત્તિ ટૂંક સમયમાં જ પ્રકાશિત કરતાં અમે અત્યંત આનંદ અનુભવીએ છીએ.

બીજી આવૃત્તિને વિશેષ માહિતી અને રાણી અહલ્યાબાઈનું તેજસ્વી જીવન ઉમેરી વધુ સમૃદ્ધ બનાવાઈ છે.

– ઉર્વા

❖

ક્રમિકા

૧. સાંસ્કૃતિક પડકાર : મહાકાય પ્રાણપ્રશ્ન

જવાબદાર અને બુદ્ધિશાળી ગણાય એવા એક ભાઈએ ઈ-મેઈલ દ્વારા એક મૅગેઝિનનાં લેખિકાને ભલામણ કરી : 'બહેનોને શીખ આપવાની જરૂર છે કે તે હિન્દુ સંસ્કૃતિની મર્યાદામાં રહેવાનું શીખે. વસ્ત્રપરિધાન બાબતે સજાગ રહે અને forward culture અથવા freeness (આધુનિક જીવનશૈલી અને સ્વચ્છંદતા)ને સાવધ થઈને જરા દૂર રાખતાં શીખે...'

આ વાંચતાં તો લેખિકાનો આક્રોશ લાવા બનીને ફાટી નીકળ્યો : 'શું અમારે આઝાદી પણ ન ભોગવવી ? અમારે કયાં કપડાં પહેરવાં એ પણ શું તમારે નક્કી કરવાનું છે ? અમારા વિચારો મુજબની જીવનશૈલી જીવવાની આઝાદી છીનવી લેવાનો તમને શો અધિકાર છે ? અમારી આખી સ્ત્રીજાતિએ પુરુષોની ગુલામી કરવાના દસ્તખત કરી આપ્યા છે...?'

– આ વિસ્ફોટો કરીને એ બહેન શું સિદ્ધ કરવા માગે છે ? લાજ અને મર્યાદા સ્ત્રીનાં સાચાં આભૂષણો છે, એમ એ શું નથી માનતાં ? કપડાંમાંથી ડોકાતી અર્ધનગ્નતાથી પુરુષોના મનનું અને પછીથી સ્ત્રી જાતિનું જે થવું હોય તે થાય, એમ તેમના કહેવાનો હેતુ હોઈ શકે ? હા, કેવાં કપડાં પહેરવાં, કેવાં ન પહેરવાં અથવા તો આધુનિક જીવનશૈલીમાંથી કેટલી અપનાવવી, કેટલી ન અપનાવવી એ જરૂર બહેનોની સ્વતંત્રતાનો જ વિષય છે.

કવિવર ટાગોરની નવલકથા 'ઘરે - બાહિરે'નું એક સ્ત્રી પાત્ર બોલે છે : 'અમે સ્ત્રીઓ નદી જેવી છીએ. જ્યારે બે કાંઠાની વચ્ચે રહીને ચાલીએ ત્યારે અમારું સર્વસ્વ ખર્ચીને અમે પાલન અને પોષણ કરીએ છીએ; પણ જ્યારે કાંઠા તોડીને વહી નીકળીએ છીએ, ત્યારે સર્વ શક્તિ દ્વારા અમે વિનાશ વેરીએ છીએ... અમે અમારી અંધ પ્રકૃતિ દ્વારા પ્રલય નોતરીએ છીએ...' – નદીને

સ્વતંત્રતાથી વહેવાનો પૂરો અધિકાર છે, પણ બે કાંઠાની વચ્ચે ! નદીઓએ આખરે પોતાના કાંઠા નક્કી કરી જ લેવા પડતા હોય છે. કાંઠા તોડીને વહી નીકળેલાં પાણી પાલક અને પોષક નથી હોતાં, વિનાશક અને વિધ્વંસક હોય છે. જે પૂર હોય... હોનારત હોય... એને કોણ નદી કહે !

આજે 'રૂપ-સૌંદર્ય'ને વ્યક્તિત્વનો માપદંડ બનાવવામાં અને આપણી ભોળી કન્યાઓનાં કુમળાં મનને ગેરમાર્ગે દોરવામાં મિસ વર્લ્ડ અને મિસ યુનિવર્સ, મિસ ફેમિના અને મિસ ફલાણાં - ઢીંકણાંની સ્પર્ધાઓ સફળ થઈ ચૂકી છે. સૌંદર્ય સ્પર્ધાઓની રજેરજ માહિતી રાખતી આ કન્યાઓ આપણી સંસ્કૃતિ પ્રત્યે આટલી બધી બેખબર શા માટે ?

ગૌરીવ્રતની વિધિ કે શ્રીમદ્ ભગવદ્ગીતાના શ્લોકોમાંથી નીતરતું સૌંદર્ય, ગણપતિનો જીવનસંદેશ કે શિવાજીની દેશભક્તિ, અબ્દુલ કલામ કે કિરણ બેદીની દેશદાઝના આયામો, અરુંધતી રૉય અને મેધા પાટકર દ્વારા ગુજરાતની તરસ પર પડતી લાતો કે પાણીના પ્રશ્ને ગામડાંની બહેનોને પડતી ત્રાસદાયક હાલાકી – જેવી ગંભીર બાબતો પ્રત્યે નાક સીકોડીને, ખભા ઊલાળીને અજ્ઞાન પ્રદર્શિત કરવામાં આપણી ફૅશનડૂબ કે આઈસક્યૂબ કન્યાઓને સહેજ પણ ક્ષોભ નડતો નથી ! ભારતના પ્રાણપ્રશ્નોના ઉકેલો અંગે આપણી ભારતપુત્રી આટલી બધી બેજવાબદાર કેવી રીતે થઈ શકે છે ?

મેડોના કે નાઓમી કેમ્પબેલ, જુલિયા રોબર્ટ કે મેરિલીન મનરો કે પછી એવી જ કોઈ રૂપસામ્રાજ્ઞીનાં થોડાં નાચ - નખરાંઓને ફિલ્મના પડદે જોઈને વસ્ત્રપરિધાનની કઈ સ્વતંત્રતા સિદ્ધ થતી હોય છે ?

સ્વેચ્છાચારની માઝા મૂકતી સિરિયલો, લેટનાઈટ ફિલ્મો અને કૌટુંબિક પ્રશ્નોને વિકૃત સ્વરૂપે દર્શાવતી ટી.વી. શ્રેણીઓ આખરે ઘર-સંસારના કયા આદર્શો શીખવીને આપણી વિચારશૈલીને રચનાત્મક અભિગમ આપે છે ?

કૉલેજોમાં 'ડે'નો વાયરો વાવા લાગ્યો છે. યુવાનો-યુવતીઓનો સૌથી પ્રિય દિવસ છે : ૧૪ ફેબ્રુઆરીનો ! પ્રેમના પ્રતીક સમો, કે પ્રેમનો એકરાર કરવાનો આ દિવસ વિકૃત રીતે ઊજવાય છે, મુક્ત સહચાર અને સ્વચ્છંદી વિચારધારાને પોષતા આ વેલેન્ટાઈન ડે નો સાચો ઇતિહાસ જુદો છે. એન્સાઈક્લૉપીડિયા ઑફ બ્રિટાનિકા કહે છે : સંત વેલેન્ટાઈન નામે ખ્રિસ્તી પાદરીની સ્મૃતિમાં આ દિવસ અમેરિકામાં વધુ ઊજવાય છે. ૧૪મી સદીથી

તેનો પ્રારંભ થયો. આધુનિક વેલેન્ટાઈન કાર્ડ મોકલવાની પરંપરાને સેન્ટ વેલેન્ટાઈન સાથે કોઈ સંબંધ નથી !

કાર્ડ્ઝનો મસમોટો વેપલો, બે-પાંચ ભાવનાત્મક પંક્તિઓ, કોરું હૃદય અને કામુકતાનું વરવું પ્રદર્શન એ શું યુવતીઓની નિર્મળ ભાવનાઓ સાથેની છેડછાડ નથી ? આ આંધળું અનુકરણ કયા કાયમી આનંદની ભેટ આપે છે ?

સ્ત્રીઓનાં મન શું ફોટોકૉપી મશીનો છે ? જે કાંઈ સારું-નરસું જોયું, તેની સીધી જ કૉપી પોતાનાં કોરા મગજ પર અને દુર્લભ શરીર પર પાડી દેવામાં શું એ આનંદ અનુભવે છે ? વિચાર વિના અને વિવેક વિના, ધર્મ-નિયમની મર્યાદા સ્વીકાર્યા વિના નખરાંઓ અને ફૅશનોનું જેટલું વધુ અનુકરણ કરે, એટલી વધુ આધુનિક ગણાવામાં માતૃત્વનો કયો આદર્શ સિદ્ધ થાય છે ?

સ્વામી વિવેકાનંદની આ વાણી દરેક હિન્દુએ રોજ ઓછામાં ઓછી એક વાર જરૂર વાંચવી જોઈએ : 'અનુકરણ એ ક્યારેય સંસ્કૃતિની ધરોહર બની શકે જ નહીં ! રાજા જેવા વેશથી હું કાંઈ રાજા બની જવાનો નથી, ગધેડો સિંહનું ચામડું ઓઢે તો સિંહ નહીં બની જાય, એ ગધેડો જ રહેશે ! અનુકરણ કરીને ક્યારેય પ્રગતિ સાધી શકાતી નથી...'

ગાડરિયા પ્રવાહની બહાર એક પવિત્રતાનો રસ્તો...

પંદરેક વર્ષ પહેલાં ભારતમાં 'ડેટીંગ' જેવો શબ્દ તમે સાંભળ્યો હતો ? અમેરિકા-ઈંગ્લૅન્ડના ચાળે ચડીને 'બાલિકા સ્ત્રી' બની બેસતી આપણી દીકરીઓ દુ:ખના ભારા જાતે જ માથે લઈ બેસે છે, કોઈ લેખિકાઓ કે શિક્ષિકાઓએ તે માટે ત્રાડ નાખી છે ખરી ?

શાળામાં ભણતી કન્યાઓ ડેટીંગની સાથે હવે 'લગ્ન પૂર્વેના ભોગ' તરફની લક્ષ્મણરેખા ઓળંગી રહી છે. અને આથીય વધુ આશ્ચર્ય અને આઘાતની વાત એ છે કે પોતાને વધુ 'રીચ', વધુ 'મોડર્ન', વધુ 'ફોરવર્ડ' અને વધુ 'ફ્રી' સમજનાર મા નાનકડી બાલિકાઓના નિષ્કૃષ્ટ ઘડતરની પૂરી ભૂમિકા સારી રીતે ઘડી આપવામાં મદદગાર થાય છે... અરે ! તલબગાર થાય છે ! દીકરીને ડાન્સ શીખવવા પાછળ મમ્મીને શાની ચળ હોય છે ? જે રોમાંચકતાનો અનુભવ પોતે પોતાના બાળપણમાં નથી કરી શકી, તેનો આનંદ પોતાની દીકરીના નાચ-નખરામાંથી મેળવવાની આ કોશિશ હોય છે...

મા-બાપ આયોજન કરી આપે છે – છોકરા-છોકરીઓની મિક્સ પાર્ટીઓનું.... ખ્રિસ્તી અને મુસલમાન છોકરાઓને પોતાની દીકરીઓ સાથે હળવા-મળવા દેવામાં એ માને છે કે હું તો 'મારી નિગરાની' હેઠળ પાર્ટી યોજું છું... પછી શો વાંધો આવશે ?

અને હા, આ સાથે જ છોકરા-છોકરીઓની બાલ-માનસિક વિચાર-ધારામાં બદલાવ શરૂ થઈ જાય છે. નાની ઉંમરની નિર્દોષતા, નિર્મળતા ધોવાઈને જરૂર કરતાં વહેલી આવી ગયેલી માત્ર શારીરિક પુખ્તતા કિશોર વયનાં છોકરા-છોકરીઓને વિકૃતિ આપનારી બને છે... એ લોકો માનસિક રીતે નથી પૂરા પુખ્ત બન્યાં હોતાં કે નથી તેમનામાં પોતાના બચપણની નિખાલસતા બચતી, એક વિચિત્ર કઢંગાપણું તેમને જાતીય ચક્રાવાતમાં ઢસડી જાય છે.

નાની ઉંમર, શાળાનું જીવન, વધુ પડતા ઠાઠમાઠ, નાની ઉંમરે મોટી સ્ત્રી સમાન વસ્ત્રો કે તેવી ચર્ચાઓ, ફેશનના નામે અર્ધખુલ્લાં વસ્ત્રો અને ટી.વી., ફિલ્મોના નાચ-નખરાં સાથેની 'સૌંદર્ય પ્રત્યેની સભાનતા' આખરે તમને શું આપે છે? ભોગવાદની ભભૂકતી ભૂખ! અભદ્ર સિરિયલો આ આગમાં કેરોસીનનું કામ કરી આપે છે...

'બધાં જલસા કરે છે, કોઈને કશો વાંધો આવતો નથી, બસ અમારે જ ઘરકૂકડી થઈને બેસી રહેવાનું ?'

આ પ્રશ્ન ફૂટતી યુવાનીની અણસમજમાંથી ફૂટેલો આક્રોશ છે. પૂછજો તમારા એ આધુનિક 'સર્કલ'ની 'રાણી'ઓને !

સૌ કહેશે, પોસાતું તો નથી, પણ શું થાય? કરવું પડે! નહીં તો 'સર્કલ'માં 'મિસફીટ' કહેવાઈએ ને !

હા, દેખાદેખીનો વાયરો ફુંકાઈ રહ્યો છે. અને એ વાયરામાં ફંગોળાઈ રહી છે તમારી બુદ્ધિ, તમારી અડગતા, તમારી નિર્ણયશક્તિ !

બીજા કરે છે, એટલે તમારે પણ એમ જ કરવાનું? શું દર રવિવારે બહાર જ ખાવું એ તમારી પોતાની પસંદ છે? અડધાં ઊઘાડાં કપડાં પહેરીને રૂપને બજારું ચીજ બનાવી વિખેરતાં રહેવું એ તમારી પોતાની પસંદ છે? તો પણ શા માટે તમે ખેંચાતા રહો છો? શા માટે તમને સાદગી અને પવિત્રતાવાળું જીવન લોભાવતું નથી? લોભામણી લપસણી પરથી સરકીને

છેક નીચે સુધી તાણી જતાં ભૌતિક પરિબળો જ શું એમાં જવાબદાર છે ?

યાદ રહે, જો કૉલેજો પર, ખાસ કરીને 'ડે'ની ઊજવણીના દિવસોમાં મારામારી કે મશ્કરીઓ થતી હોય, ખૂન, બળાત્કાર કે હુમલાઓ થતા હોય તો એ જવાબદારી અલ્લડ, લફરાંબાજ અને સેક્સ મેનિયાક છોકરાઓની જ છે, એવું નથી ! તમારી એટલે કે છોકરીઓની જવાબદારી પણ એટલી જ છે !

'તેં કોને ફસાવ્યો ?' 'તેં કોને પટાવ્યો ?'ની ગુસપુસ તમારો છૂપો અહંકાર પોષે છે ! તમારાં કપડાં કે તમારું ડ્રેસીંગ, તમારા હાવભાવ કે તમારી રહન-સહન એવા ટપોરીઓને ઉત્તેજે છે, આમંત્રે છે અને આખરે આખા શહેરની જીભે ચડી જાય તેવા કિસ્સાના એક 'પાત્ર' થઈને તમારી ઈજ્જત પર તમારે કાયમ માટે ચોંટી ગયેલો કીચડ જ જોવો પડે છે !

કોઈ છોકરાને 'પાડી' કે 'પટાવી' દેવાનો નશો છોકરીઓમાં છૂટથી ચર્ચાનો વિષય બને છે. ત્યારે તમને એ ખ્યાલ નથી રહેતો, કે આમાં છોકરાઓએ ગુમાવવાનું છે એ ખૂબ થોડું છે, પણ તમારે તો લગભગ બધું જ – સર્વસ્વ, શીલ, ખાનદાની, પ્રતિષ્ઠા, કુટુંબનો પ્રેમ અને મિત્રોના આદર સહિતનું બધું જ ગુમાવવું પડે છે... કારણ કે તમારી જાતને તમે એટલી બધી નીચી લઈ આવ્યા હો છો કે મા-બાપની ખાનદાનીના શિખરોને પણ તમે જોઈ શકતા નથી કે હિન્દુ સંસ્કૃતિના સુવર્ણ કળશોને પણ નિહાળી શકતા નથી. તમારા માટે ટપોરીઓ ખીસાં ખાલી કરતા રહે છે, તમારો અહં પંપાળતા રહે છે અને એ બસો-પાંચસો રૂપિયામાં તમારું લગભગ બધું જ લૂંટી લે છે. એ પછીનો અંધકાર તમને એટલા ઊંડા કળણમાં ખોસી દે છે, કે તમે ભલેને ચિત્કાર નાખીને રડો ! પણ ત્યાં તમને સાંભળવાવાળું કોઈ હોતું નથી.

હે આર્યપુત્રીઓ ! તમારાં ઉન્નત જીવન લાખોને પ્રેરણારૂપ બનાવવાં હોય તો તમે એવા લોકોથી 'નાત બહાર' થવાની હિંમત પ્રગટાવી જુઓ ! ગાડરિયા પ્રવાહમાં નથી જ તણાવું એવા ખમીરને એક વાર જાહેરમાં પ્રગટાવી જુઓ. તમારા કોઈ એકાદ શુભ સંકલ્પને તમારા સર્કલમાં દૃઢતાપૂર્વક ફેલાવી જુઓ, તમારા અંતઃકરણમાં પરમાત્મા નવી જ શક્તિનો સંચાર કરશે. લઘુતાગ્રંથિ ઊડી જશે, એક નવા જીવતરનો પ્રારંભ આવી એકાદ ક્ષણની માનસિક ઉત્ક્રાંતિમાં જ થઈ જતો હોય છે...

હા, આજે વેશ ને કેશમાં, ખાણીપીણી ને આચાર-વ્યવહારમાં સ્ત્રીઓમાં

૧૫૦ ટકાનું પરિવર્તન આવી ચૂક્યું છે, અને સમયે સમયે સમાજની દિશા, અગ્રિમતા (પ્રાયોરિટીઝ), જીવનશૈલી અને વિચારધારા બદલાય તેમાં કશું અજુગતું પણ નથી. પરંતુ સંસ્કૃતિનાં મૂલ્યો તરફ આંખ આડા કાન કરીને, ધર્મ-નિયમ કે સદાચારની પૂંજીને સળગાવીને આપણે કયું પરિવર્તન સિદ્ધ કરવા માગીએ છીએ ?

ભારત આજે સમસ્યાઓના જ્વાળામુખી ઉપર બેઠેલો દેશ છે, એમાં વસ્તીવધારો કે ભ્રષ્ટાચાર, નિરક્ષરતા કે ગરીબી જેવા મહાકાય પ્રાણપ્રશ્નો વચ્ચે સૌથી મોટો ફૂંફાડા મારતો ભોરિંગ હોય તો એ છે : સાંસ્કૃતિક પડકારોનો સામનો !

સમગ્ર વિશ્વમાં ખ્રિસ્તીઓ અને મુસલમાનો પછી ત્રીજા ક્રમે જો કોઈ લઘુમતી (કે વધુમતી) પ્રજા હોય તો તે હિન્દુઓ છે. અને ચોતરફથી હિન્દુત્વ ઉપર ઘા કરવાનાં ષડ્યંત્રો સતત ઘડાતાં રહ્યાં હતાં, આજે પણ ઘડાઈ રહ્યાં છે, અને આ પ્રક્રિયા અનંત છે...

આર્યરમણીની ભૂમિકા

આવા સમયે ભારતીય નારી સાંસ્કૃતિક સુરક્ષા માટે ઢાલ થઈને ખડી રહી શકશે ? 'ખૂબ લડી મર્દાની, વો તો ઝાંસીવાલી રાની થી' – એ 'મર્દાનગી' અંગ્રેજો સામેના પડકારોમાં અમર થઈ ગઈ. આજે આધુનિકતા, ભૌતિકતા અને વિલાસિતાનાં વાવાઝોડાં સામે હચમચી રહેલી મા ભારતીની વૈદિક સંસ્કૃતિનાં આંસુ લૂછવા આર્યપુત્રીઓના ટૂંકા પાલવ અને દુપટ્ટા કામ લાગી શકશે ખરા ? આ સંસ્કૃતિ - વિકૃતિના સંક્રાંતિકાળમાં આર્યરમણીની ભૂમિકા કેવી હોવી જોઈએ ? આપણે હવે તો વિચારતા થઈએ !

ફેશનો, સૌંદર્ય સ્પર્ધાઓ, કપડાંના દોરદમામ અને પુરુષ સમોવડી થઈને માત્ર કારકિર્દીની ઊંચાઈઓ આંબવાના વિચારો તો એ દેશને પોસાય, જ્યાં કાં તો કોઈ સાંસ્કૃતિક ભય નથી, અને કાં તો સંસ્કૃતિને સાચવવાની કોઈ તમા નથી ! યાદ રહે, સંસ્કૃતિઓ ખડી રહી શકે છે, સ્ત્રીરૂપી કરોડરજ્જુના સહારે ! જ્યારે સ્ત્રીઓ ખોખલી થઈ તૂટી પડે છે, ત્યારે સમગ્ર સંસ્કૃતિ એક જ પલકારમાં ધૂળધાણી થઈ તૂટી શકે છે.

ધન્ય છે એ આર્યરમણીઓને !

રામાયણકારે જેનો સૌથી ઓછો ઉલ્લેખ કર્યો છે, એ લક્ષ્મણપત્ની ઊર્મિલાની આ વાત છે. રામ-વનવાસ પછી આખીયે અયોધ્યામાંથી કૈકેયીને ધિક્કાર મળતો હતો, ત્યારે મા કૌશલ્યા અને મા સુમિત્રાની આજ્ઞાથી કૈકેયીની સેવા ઊર્મિલાએ ઊપાડી લીધી હતી... કૈકેયી જેવી ઉપેક્ષાપાત્ર સાસુની ૧૪-૧૪ વર્ષ સુધી મન મૂકીને સેવા કરી ઊર્મિલાએ આત્મીયતાની કેવી ઊંચાઈ સિદ્ધ કરી હશે !

સેવાના આ આદર્શો આજે સાસુ-વહુના કંકાસમાં કયા ખૂણેથી પોતાનું સૂરીલું સંગીત પ્રસરાવી શકશે :

કૃષ્ણપત્ની સત્યભામા દ્રૌપદીને પૂછે છે : 'એવું કયું રહસ્ય છે કે અમે અમારા એક પતિને પણ પ્રસન્ન કરી શકતાં નથી, ને તું પાંચ પાંચ પતિઓને સાચવી શકે છે ? રાજી કરી શકે છે ? સેવા કરી શકે છે ?'

અને દ્રૌપદી કહે છે : 'બીજું તો હું કાંઈ કરતી નથી, પણ અહંકારનો અને કામ-ક્રોધનો ત્યાગ રાખું છું. મન વશ કરીને વર્તું છું. કડવું ક્યારેય બોલતી નથી. અસભ્યતાથી ઊભી રહેતી નથી. દુષ્ટ આચરણવાળા પાસે તો ક્યારેય ફરકતી પણ નથી. ગમે તેવો પુરુષ હોય, મારું મન પાંડવો સિવાય ક્યાંય જતું નથી. તેમના ભોજન પછી હું ભોજન કરું છું. મધુર રસોઈ કરી સમયે સમયે ભોજન કરાવું છું. સદા સજાગ રહું છું. ઘર - વાસણો - વસ્ત્રો સ્વચ્છ રાખું છું. વાતે વાતે તેમનો કે કોઈનો તિરસ્કાર કરતી નથી. પતિ સિવાય એકલા રહેવાનું થાય ત્યારે વ્રતાદિ નિયમ ગ્રહણ કરી લઉં છું. તેમનાથી વધુ સારું ભોજન કે રહન-સહન રાખતી નથી. ભૂખ-તરસ સહન કરીને રાત્રિ-દિવસ તેમની સેવામાં લાગી રહું છું. મારાં સાસુજીએ બતાવેલા કૌટુંબિક ધર્મનું પાલન કરું છું. પતિ કે સાસુ સંગાથે વિવાદ કરતી નથી. હે દેવી ! ધર્મરાજની આવક, વ્યય અને બચતનો હિસાબ હું જ રાખતી. અને મારા પતિ મારા પર આખા કુટુંબનો ભાર છોડી નચિંત રહેતા. દેવી ! આમ હું પતિને અનુકૂળ વર્તું છું ને તેમને અધીન રહીને તેમને અધીન રાખું છું !' (મહાભારત. વનપર્વ, અ. ૧૮૩)

આ મહાન સન્નારીના આદર્શોમાંથી આજની કન્યા કયા સદ્‌ગુણને આદર્શ તરીકે સ્વીકારવામાં ગૌરવ અનુભવશે ? કેટલા અંશે અનુસરશે ?

કદાચ કોઈ આધુનિકા તો દ્રૌપદીનો આ ઉત્તર વાંચી તેને 'ગુલામડી' કહેવા લલચાશે, પણ યાદ રહે, 'ગુલામડી'ના મોં પર સ્મિત અને ગૌરવની રેખાઓ નથી હોતી... સમ્રાટોના સમ્રાટ કૃષ્ણની પત્નીને જેની સલાહ લેવાનું મન થાય, તેના મુખનું તેજ અને તેની સેવાની ભાવનાનો શુભ્રપ્રકાશ અજાણ્યો નહીં રહ્યો હોય અને આવો પ્રકાશ 'ગુલામડી'ના ચહેરા પર લાખ પ્રયત્ને પણ આવી શકતો નથી ! જે સ્ત્રી તરીકેની પોતાની ફરજો પૂરી પાળે છે, તેને પોતાની ચોતરફ ફેલાતા સાંસ્કૃતિક પડકારો સામે યુદ્ધે ચડવાનું અને સાચને માટે લડી લેવાનું જોમ દ્રૌપદીની જેમ જ અનાયાસે જ પ્રાપ્ત થઈ જતું હશે...!

આવી કોઈ સંસ્કૃતિરક્ષાની આહ્‌લેક આપણે સ્ત્રીઓએ જ જગાવવી પડશે. પછી ભલેને એ આપણને સ્ત્રીઓને સ્વીકાર્ય હોય કે ન હોય ! એ આહ્‌લેક ફૅશન-પરસ્ત ગળાઓમાંથી કેવી રીતે ફૂટી શકે ? એને માટે ભક્ત શિરોમણિ ભરતજીની પત્ની શ્રુતકીર્તિ જેવી ઝગારા મારતી બલિદાની જોઈએ...

શ્રીરામ ચૌદ વર્ષના વનવાસ પછી ગાદીએ બિરાજ્યા ત્યારે દરેકને કશુંક ભેટ આપવાની ઈચ્છા દર્શાવી. શ્રુતકીર્તિએ માગ્યું હતું : '૧૪ વર્ષ આપે જે વલ્કલ વસ્ત્ર ધાર્યાં હતાં એ વલ્કલ તમે રાજી થઈને મને ભેટ આપો !' અને રામજીની આંખો આ સ્ત્રીનો વિતરાગ જોઈને પ્રસન્નતાથી ભીની થઈ હતી. આ એ જ સ્ત્રી, જેણે રામની પાદુકા પૂજતા સેવક પતિદેવ ભરતજીની સેવિકા બનીને શ્રીરામની પ્રસન્નતાને ઝંખી હતી...

જ્યાં સ્ત્રીઓ પણ સોનાના શણગારોને નહીં, વલ્કલને આદર્શ માનતી હતી, જ્યાં સ્ત્રીઓ રાજમુકુટને નહીં, પણ પાદુકાની મહાનતાને પૂજતી હતી, એ ધરતીની નારીને સેવામાં ગુલામીનો અહેસાસ આવતો હોય, સાદગીમાં ક્ષુદ્રતા અને નાનપનો ભાવ આવતો હોય, સંપત્તિના સ્વાર્થત્યાગમાં ખોટ જવાનો અનુભવ થતો હોય તો એણે વાસ્તવિક વૈભવને પારખવા માટે રામાયણ - મહાભારતનાં સ્ત્રી-પાત્રોનાં ભીતરી મૂલ્યોને રોજેરોજ સૂંઘતા રહેવું જોઈએ.

લજ્જા અને શીલનું સૌંદર્ય

સાધ્વી ઋતંભરાના આ શબ્દો આપણને – ભારતના સ્ત્રી-સમાજને બહુ વેધક રીતે, પણ બહુ ચિંતનપૂર્વક કહેવાયા છે :

'આ દેશની પાવન સંસ્કૃતિમાં જન્મ લેવાનું મને સૌભાગ્ય પ્રાપ્ત થયું છે, કારણ કે આ દેશમાં સ્ત્રીને ક્યારેય ભોગ્યાની નજરે જોવામાં નથી આવી. ભારતે સ્ત્રીને મા તરીકે પૂજી છે. જનનીને પૂજ્ય દૃષ્ટિએ નિહાળી છે. આ દેશમાં આવેલાં આધુનિકતાનાં વાવાઝોડાંએ આ પૂજ્યા માતૃશક્તિને ભોગ્યા બનાવવાનું કામ શરૂ કરી દીધું છે. આપણી ગરિમા, આપણું ગૌરવ, આપણી સંસ્કૃતિ પ્રત્યે આપણે જ સ્વાભિમાનશૂન્ય બન્યાં, એના પરિણામે આજે ભારતની સ્ત્રીને લોકોએ આપણી જ સંમતિથી બજારમાં જાહેરાત તરીકે સજાવી દીધી છે...

'પશ્ચિમની સભ્યતાનાં આકર્ષણો પાછળ આપણે કેટલા પ્રભાવિત છીએ કે આપણે સ્વને ભૂલ્યાં, સ્વ-રૂપને ભૂલ્યાં, આજે આપણને આપણા ચહેરાની કરચલીઓની ચિંતા સતાવે છે, સેટેલાઈટ ચેનલોનાં 'અજવાળાં' આપણા ભીતરને ધીરે ધીરે બાળે છે... લગ્ન પછીના લગ્નેતર સંબંધોની સાહજિકતા, પીવા - પિવડાવવાની આધુનિક સંસ્કૃતિ અને ગેરકાયદે મેળવાતાં નાણાંથી થતી મોજમજાઓ જોઈને આપણી કુમળી કુમારિકાઓ આજે આટલી મોટી સંખ્યામાં કુંવારી માતા બની રહી છે ! ઉકરડાઓ ઉપર કે ચાર રસ્તાઓ પર રઝળતાં મુકાયેલાં શિશુઓ મોટી સંખ્યામાં મળી આવે છે. શું આ છે આપણી સંસ્કૃતિ ? તમને આધુનિકતાનું ખૂબ આકર્ષણ હશે, પશ્ચિમી રહન-સહન અને વેશ-પરિધાનો અપનાવવાથી પ્રગતિશીલ કહેવડાવી શકાય છે, તેમ તમે માનતા હશો, પણ આધુનિકતાનો શું આ જ અર્થ છે ? મારો અનુરોધ છે કે તમે તમારા સંબંધોની પવિત્રતાનો અવશ્ય ખ્યાલ રાખો... ભારતની સ્ત્રી ભારતની પવિત્ર પરંપરાઓ, માન્યતાઓ અને ગૌરવભર્યા ઇતિહાસથી પરિચિત બનશે, તો જ આ ગંદા કીચડમાં જલકમલવત્ રહી શકશે...!'

એક સાધ્વીના આ તારણને સ્વીકારવાની સ્ત્રી-સમાજની તૈયારી છે ? રૂપ સ્ત્રીની સૌથી પવિત્ર સંપત્તિ છે. ભારતની નારીઓ અચાનક શું એટલી મોટી સંખ્યામાં કુરૂપ દેખાવા લાગી છે કે સોસાયટીઓ અને પોળોમાં, રોડ અને રસ્તા પર બ્યુટીપાર્લરો બિલાડીના ટોપની માફક ખોલી દેવામાં આવ્યાં છે. શરીરની સજાવટ માટે કોઈ નવવધૂને તૈયાર કરવા કોઈ સાધારણ કિંમત લે, તે સમજી શકાય તેવી વાત છે, પણ સજવા - ધજવા માટે પાર્લરોમાં ચાર-ચાર કલાક લાઈનમાં ઊભા રહેવાનું, મોં માગ્યા પૈસા આપી દેવાના,

અને શરીરની સજાવટમાં જ પોતાના આયખાની ઈતિશ્રી માનીને 'રૂપ'ના ગૌરવને શહેરી ટપોરીઓથી માંડી લોકનજરના બાણે જાતે જ વીંધાવાનો પ્રારંભ કરી આપવાનો, એવી તો કેવી માનસિક ગુલામી ?

આ 'ઠઠારા' સ્ત્રીના રૂપને નિખાર જરૂર આપે છે, પણ એના વ્યક્તિત્વને ગૌરવ નથી આપી શકતા! એના આંતરિક સૌંદર્યને તેજસ્વી નથી બનાવી શકતા ! આ વાસ્તવિકતા સમજાય છે ક્યારે ? જ્યારે લાજ-મર્યાદાના ઠસ્સામાં, 'ખાનદાની' આંજેલી દૃષ્ટિને નીચી રાખીને, કુટુંબનું ગૌરવ કરોડરજ્જુમાં ભરીને ટટ્ટાર ચાલે પોતાના પરિવારની સાથે સાદગી નિતારતી કોઈ ભારતીય કન્યા જતી હોય... ત્યાં જોનારની આંખો ઠરે છે... ત્યાં અહોભાવ વધુ હોય છે, આદર સહજ જન્મતો હોય છે...

અને જેને જોતાં જ ભૌતિકતાની છાલક લાગે, વિકૃતિઓને સ્પ્રિંગની જેમ ઊછળી આવવાની તક મળે ત્યારે એ છોકરી (કન્યા કે વધૂ નહીં) કોઈ પ્રદર્શન માટે મુકાયેલી, શિથિલ, ભોગને યોગ્ય અને પોતાના રૂપની જાહેરાતનું પાટિયું ગળે લટકાવીને ફરતી કોઈ 'ચીજ-વસ્તુ' હોય એવો ભાવ ઊપજે છે... આવા સમયે લજ્જા અને શીલનું સૌંદર્ય પરખાઈ જાય છે, અને ભૌતિકતા અને આછકલાઈનું અવમૂલ્યન પણ પરખાઈ જાય છે...

શું તમે કોઈ મુસ્લિમ કન્યાને ક્યારેય એકલી ફરવા નીકળી પડેલી જોઈ છે ? જ્યારે અતિ આધુનિક પોષાકોમાં રાત્રે મોડે સુધી વાહનો ઉપર 'ઊડતી' હિન્દુ કન્યાઓને એકલી ફરતી જોવી એ મોટાં શહેરોમાં કોઈ આશ્ચર્યજનક વાત નથી!

દરેક માતા અને ખાસ કરીને પિતા આજકાલ એવું વિચારતા થયા છે, કે અમે તો અમારા વખતમાં ન ભોગવી શક્યા, અમે તો ગરીબીમાં મોટા થયા, પણ આપણે હવે બે પાંદડે થયા, તો ભલેને છોકરાં (એટલે કે છોકરીઓ પણ) ભોગવે ! અને એટલે એને એવાં વસ્ત્રો પણ જાહેરમાં પહેરવા માટે છૂટ મળી જાય છે કે જે સન્નારીઓ પોતાના ઘરમાં પણ પહેરવામાં શરમ અનુભવે! એવાં વાહનો મળી જાય છે કે માત્ર આનંદ ખાતર ગમે ત્યારે, ગમે ત્યાં, દૂર દૂર સુધી એકલાથી સફર કરી શકાય...

ઈન્ટરનેટ અને પોર્નોગ્રાફી (અશ્લીલ ચિત્રો) વચ્ચેના ઘનિષ્ઠ સંબંધોની જાણ કયાં સુજ્ઞ માતા-પિતાને નથી ? પણ કમ્પ્યૂટર શીખવાનું બહાનું હોય છે,

પ્રાઈવેટ રૂમ હોય છે, અંદરથી લૉક હોય છે અને બીભત્સ સી.ડી. કે અશ્લીલ વેબસાઈટોનું આક્રમણ હોય છે, ત્યારે હજારો - લાખોની સંખ્યામાં જાતીય વિકૃતિનો ભોગ બનનાર યુવાન-યુવતીઓ અંતે પાયમાલીના બધા જ દરવાજા ખોલી ચૂક્યાં હોય છે. આ ચિંતા આવનારા દિવસોમાં હતાશા - નિરાશાની વિકરાળ ખાઈ બનવા જઈ રહી છે...

ક્યાં છે મહિલા જાગૃતિ કેન્દ્રો ?

પોતાના દીકરા-દીકરીઓને કમ્પ્યૂટર, એકાંત, વાહન અને મુક્ત વાતાવરણનો માહોલ અપાય છે, પણ વિવેક અપાતો નથી, પછી જ્યારે મા-બાપને એના વિપરીત પરિણામની જાણ થાય છે, ત્યારે પેલા 'બે પાંદડે' થયાનો આનંદ તો નથી જ રહેતો, ઊલટું દીકરા-દીકરીના 'પરાક્રમ'ને કારણે પાગલપણાનો ઍટેક કે પછી લોહીના ઉચ્ચ દબાણની બીમારી લાગુ પડી જાય છે !

હા, જમાનો બદલાયો છે. પરિવર્તન આ સંસારનો નિયમ છે, એ પણ સાચી વાત છે, પણ જે કન્યાઓ ભારતની માતૃશક્તિ છે, એનું આધુનિકતા કે પરિવર્તનને નામે આટલું બધું અવમૂલ્યન તો ભારતના આત્માને ગૂંગળાવી જ રહ્યું છે !

ઘરમાંથી મળતી ધાર્મિકતા સિવાય આ કન્યાઓ પાસે ધર્મના સંસ્કાર માટેનાં કયાં માધ્યમો બચ્યાં છે ? પોતાની દ્વિધાઓ, પ્રશ્નોને ઉકેલવા અને આત્મીય હૂંફ સાથેનું નિઃસ્વાર્થ માર્ગદર્શન મેળવવા એમની પાસે કયાં મહિલા જાગૃતિ કેન્દ્રો છે ? અને ધારો કે ક્યાંક એવું માર્ગદર્શન મળે છે, તો તેની માહિતીઓ પણ એમને કોણ પૂરી પાડી શકે છે ?

ચારિત્ર્યયુક્ત જીવનવાળી શીલવતી કેટલી નારીઓ આજે આપણી ભોળી કે ફસાઈ ગયેલી કન્યાઓને સાચો સાથ અને સાચું નેતૃત્વ પૂરું પાડવાની લાયકાત ધરાવે છે ?

આવાં ઘણાં કારણો છે કે જેથી નિર્દોષ હિન્દુ કન્યાઓ જિંદગીના પ્રથમ પગલે જ કષ્ટોના એવા કળણમાં ફસાઈ જાય છે, કે એની જ નહીં, એના આખા કુટુંબની જિંદગી તબાહ થઈ જાય છે !

સ્ત્રીની કમજોરી : દેહાત્મભાવ

'સેવા' સંસ્થાનાં સંસ્થાપક ઈલાબહેન ભટ્ટનું આ નિરીક્ષણ આધુનિક વિચારોવાળા સ્ત્રીસમુદાયને ગમે કે ન ગમે, પણ આપણી દરેક બહેનોએ માન્ય રાખવું જ રહ્યું... તેમને પૂછાયું હતું : 'સૌંદર્ય સ્પર્ધાઓ અને જાહેર-ખબરોમાં સ્ત્રીઓને જે રીતે પ્રદર્શિત કરવામાં આવે છે, તે ભારતીય સંસ્કૃતિને કેટલું અનુરૂપ છે ?'

તેમણે કહ્યું હતું : 'બહેનોની એક મોટી નબળાઈ છે, એ છે દેહાત્મ-ભાવ ! સ્ત્રી પોતાના શરીરને અતિશય ચાહે છે. એનું મન સતત એ જ વિચારતું રહે છે, કે પોતાનું શરીર કેમ સુંદર દેખાય ! જ્યારે હજુ દીકરી સમજણી પણ નથી થઈ હોતી ત્યાં તો એને ઘરેણાં, કપડાં, સૌંદર્ય પ્રસાધનો અને મહેંદીનાં ટપકાં મૂકવાનાં શરૂ થઈ જાય છે. આખરે એ ફેશનના રંગમાં બદલાઈને દેહભાવને વધારે ઘૂંટે છે ! છોકરીઓ મોટી થતાં સુધીમાં તો એ ફેશનોનો રંગ પાકો થઈ જાય છે. હવે છોકરીઓ ઊંચા પ્રકારની ફેશનો કરે છે. ટૂંકમાં, સ્ત્રી શરીરની ગુલામ છે. અલબત્ત, સૌંદર્ય એ એક પવિત્રતા છે, એ પ્રદર્શન માટે નથી. સ્ત્રી પોતાના શરીરને કોઈકના માટે શણગારે છે, એ જ એની મોટી નબળાઈ છે. દેહાત્મભાવ એની કમજોરી છે. સ્ત્રી-માનસને એકદમ સચોટતાથી કોઈ જાણતું હોય તો એ છે સ્ત્રી-સૌંદર્ય પ્રસાધનોના ઉત્પાદકો અને તેના વિતરકો ! જેઓ સ્ત્રી-માનસનું ઝીણામાં ઝીણું નિરીક્ષણ કરે છે, અને તેને જુદે જ માર્ગે ખેંચી જાય છે...

'સૌંદર્ય સ્પર્ધાઓ તો એક પરપોટો છે ! સ્ત્રીને શરીરના રૂપની આસક્તિમાંથી મુક્ત થાય તેવી બનાવવી જોઈએ...'

આ જ વાતને જરા વધારે સ્પષ્ટતાથી કહે છે પ્રસિદ્ધ સર્વોદયી વિદુષી મીરાંબહેન ભટ્ટ. તેઓ કહે છે : 'ભણી-ગણીને બહેનોનું માનસ ખોટી દિશામાં પ્રવૃત્ત થયું છે. દૈહિક સૌંદર્ય વધારવા આજકાલ બહેનો આગળ આવે છે, પરંતુ સ્ત્રીનું સાચું સૌંદર્ય તેના શીલમાં અને આંતર સમૃદ્ધિમાં છે.'

આ બંને વિદુષીઓનાં વિધાનો સાથે સ્ત્રીવર્ગ વિચારપૂર્વક સંમત થવા તૈયાર છે ? જો શરીરના રૂપને જ સર્વસ્વ માનવાની નબળાઈ નિવારી શકાય તો સ્ત્રીઓ પોતાની સતામણીના પ્રશ્નો લઈને આંસુભર્યા પોકાર નાખવાની

લાચારી અને દયાની યાચના કરતાં દર દર ભટકવાની મજબૂરીમાંથી છૂટી શકશે. આ માટે ધાર્મિક ભાવનાઓની દૃઢતા, હિન્દુ પરંપરાને વળગી રહેવાની વફાદારી અને કેવળ બાહ્ય રૂપના ગર્વમાં કે બાહ્ય રૂપને માટે જ જીવતરને વેડફી ન નાખવાની સમજદારી આપણી પુત્રીઓના જીવનમાં આત્મસાત્ કરવાની જરૂર છે. અને તો સમગ્ર ભારતવર્ષની ખરેખર એક મહાન સેવા થઈ ગણી શકાશે.

એક સીધો જ તર્ક છે કે કોઈ પણ સમાજની સ્ત્રીઓને ભ્રષ્ટ કરી નાખો, એની સંસ્કૃતિના પાયા હચમચી જશે ! વિશ્વમાં જેના ડંકા વાગતા એ રોમન સંસ્કૃતિ અને રોમન સામ્રાજ્ય જોતજોતાંમાં ખંડેરોમાં ફેરવાઈ ગયું. કારણ કયું ? 'મોડર્ન રોમન્સ' પુસ્તકમાં લેખક ફિલીપ વેન્મેયર્સ લખે છે : '...A growing commercial life made trade and wealth the comman objective ! Men were away on business, many were out fighting for new lands. Result, Romans at home particed immorality, divorces increased, morals in women are loosened, the family unit cracked up, the virtue of God, country and home faded !'

અર્થાત્ 'રોમન પુરુષો આર્થિક પ્રગતિ માટે અને વધુ ને વધુ સંપત્તિ અને જમીન માટે મચી પડ્યા હતા. તેઓ લડાઈઓ ખેલતા હતા, કાં તો પરદેશ ખેડતા હતા. આખરે પરિણામ શું આવ્યું ? ઘરે રહેલી સ્ત્રીઓની અનૈતિકતા વધતી ગઈ. વ્યભિચારના પરિણામે છૂટાછેડાનો આંકડો મોટો થતો ગયો. સ્ત્રીઓની નૈતિક તાકાત ક્ષીણ થતી ગઈ અને છેવટે કુટુંબો તૂટી પડ્યાં, પ્રભુ પ્રત્યેની આસ્થા ખલાસ થઈ ગઈ, ઘર અને દેશ વિનાશની ગર્તામાં ધકેલાઈ ગયાં...'

હિન્દુ સમાજને હચમચાવતું ષડ્યંત્ર

આ દેશને તેની ધરી પરથી ખસેડી દેવો કે દેશના આત્મા પર ખંજર બનીને ત્રાટકવું એ કટ્ટર ઈસ્લામવાદીઓના ગજા બહારની વાત છે. અને તેથી જ એ લોકોએ આપણને અંદરથી ખોખલા કરવાની વ્યૂહરચના 'આતંકવાદ'ના નામથી અપનાવી લીધી છે.

શું કાશ્મીર કે બાંગ્લાદેશ તરફની સરહદે સંભળાતી મશીનગનોની ધણધણાટી અને પંદર-પચ્ચીસ દિવસે પથરાઈ જતી હિન્દુઓની લાશો જ આતંકવાદનું પરિણામ છે ? યાદ રહે, આ ત્રાસવાદ દેશની નહીં, ઘર-ઘરની સરહદો સુધી આવી ચુક્યો છે.

'જેહાદ'ની વિચારધારા આવી સેંકડો અધમ પ્રવૃત્તિઓનું કેન્દ્ર છે. જેહાદી માનસિકતાનાં મૂળ ઈસ્લામની વિચારધારાનું કેન્દ્રબિંદુ છે. બંગાળી વિદ્વાન સુહાસ મજમુદાર પોતાના પુસ્તક 'જેહાદ : સ્થાયી યુદ્ધનો ઈસ્લામી સિદ્ધાંત' પુસ્તકમાં લખે છે કે જેહાદની વિચારધારા કુરાન અને હદીસ (મહંમદ પયગંબરનાં ફરમાનોનો સંગ્રહ) – બંનેમાં ફેલાયેલી છે.

જેહાદનો મૂળ અર્થ તો આટલો જ છે : 'અલ્લાહના માર્ગે કરવામાં આવેલો પ્રયાસ!' મુલ્લાંઓ પોતાનો બચાવ કરવા આ અર્થની પિપૂડી વગાડ્યા કરે છે, પણ કુરાનની પારા - ૧૦, સુરા - ૯ની આયાત ૫ વાંચો : 'જ્યારે પવિત્ર (રમજાન) મહિનો પતે, ત્યારે બૂતપરસ્તો(બિન મુસ્લિમ - મૂર્તિપૂજકો)ને જ્યાં જુઓ ત્યાં મારી નાખો ! તેને ચોતરફથી ઘેરી લો, તેમને મારો અને પસ્તાવો કરે તથા જકાત આપે તો માફ કરી દો...'

હા, જેહાદના નામે જે શબ્દશઃ ખંજર હુલાવી શકે છે, તે જેહાદના નામે હિન્દુ કન્યાઓને બહુ ઝઝૂનથી ભ્રષ્ટ કરી શકે છે, તેમાં કોઈ શંકાને સ્થાન નથી.

બાંગ્લાદેશના સુપ્રસિદ્ધ લેખક શ્રી સલામ આઝાદે 'બાંગ્લાદેશ સે ક્યોં ભાગ રહે હૈ હિન્દુ' પુસ્તકમાં બાંગ્લાદેશના મુસ્લિમો તથા ત્યાંની સરકાર દ્વારા બાંગ્લાદેશી હિંદુ પ્રજા પર થતા અત્યાચારોના નક્કર પુરાવા સાથે માહિતી આપી છે. આ માહિતી આપણું લોહી ઊકળી ઊઠે એવી સત્ય ઘટનાઓ ઉજાગર કરે છે.

આપણા પડોશી બાંગ્લાદેશે આપણા સૈનિકો પર ગુજારેલા અત્યાચારોની તમને શું જાણ નથી ? તરબૂચમાંથી બિયાં કાઢે તેમ સોળ-સોળ જવાંમર્દ સૈનિકોની આંખો કાઢી, કટકે કટકે મોત આપવામાં તેમની હેવાનિયત અધમથીયે અધમ કક્ષા પર પહોંચી છે.

વિશ્વ હિન્દુ પરિષદના રાષ્ટ્રીય ઉપાધ્યક્ષ મા. ડૉ. સુજીત ધર 'પાંચજન્ય' સામયિકને જણાવે છે કે ખાલીદા ઝિયા જ્યારથી સત્તા પર આવ્યાં, ત્યારથી હિન્દુ

સ્ત્રીઓ પરના અત્યાચારો દિન-પ્રતિદિન વધતા રહ્યા છે.

- મા-બાપની સામે એમની દીકરીઓ પર બળાત્કાર !
- એક પરિવારની ૧૭ વર્ષની પુત્રીનું અપહરણ કરી ૭ દિવસે છોડી ત્યારે તેની હાલત યાતનાની પૂતળી સમાન હતી...
- સિરાજગંજમાં દામોદર વિશ્વાસની ૬૦ વર્ષીય મા અલકાજી, તથા ૧૯ વર્ષની પુત્રી પર સામૂહિક બળાત્કાર કરાયો... ત્રણ વર્ષના પુત્રને હવામાં ઉછાળી ગોળી ધરબી દેવામાં આવી...
- એક હિન્દુ શરણાર્થી મૃણાલ નામની કન્યાએ જણાવ્યું કે શેખ હસીનાને જ્યાં જ્યાં સમર્થન મળ્યું છે તેવા બધા જ વિસ્તારોમાં હિન્દુઓ પર અમાનુષી અત્યાચારો થઈ રહ્યા છે. ખાલીદા ઝિયાના સમર્થકો તો હિન્દુ કન્યાઓને ઘરેથી ઊઠાવી જાય છે. અને પોતાની હવસ પૂરી કરી તેમની કતલ કરી નાખે છે...
- રામશીલ નામના સ્થાન ઉપર ૧૩ થી ૪૫ વર્ષની ૯૦ હિન્દુ સ્ત્રીઓ પર બળાત્કાર કરવામાં આવ્યો...

હા, આ ઔરંગઝેબી શાસનની વાતો નથી, આપણી આજુબાજુના હિન્દુઓની આ અવદશા છે... અને જરા ગુજરાતના સ્તરે આવો.

સાબરકાંઠાના ભિલોડા ગામના ઓર્થોપેડિક સર્જન ડૉ. બી. ડી. ડામોરના 'સાધના' સાપ્તાહિકમાં છપાયેલા આ પત્રનો અંશ વાંચો... વનવાસી સમાજમાંથી પ્રથમ જ ડૉક્ટર થનાર આ પ્રબુદ્ધ લખે છે :

'જંગલની પેદાશ, જેવી કે ટીમરું, પાન, ગુંદર, જડીબુટ્ટી, લાકડું વગેરે કાપવા કે વીણવાના હક્કો (અમારા જિલ્લામાં) મુસ્લિમો પાસે છે. આ મુસ્લિમ કોન્ટ્રાક્ટરો ઓછી મજૂરી આપી વનવાસીઓનું શોષણ કરે છે... ભોળી વનવાસી સ્ત્રીઓની મજબૂરીનો લાભ ઉઠાવી જાતીય શોષણ કરે છે. વનવાસી સ્ત્રીઓને રખાત તરીકે રાખે છે. એટલું જ નહીં, ભિલોડા, મેઘરજ, વિજયનગર વગેરે વિસ્તારની ૨૩ છોકરીઓને આ મુસલમાનો ઉઠાવી ગયા છે...' (સાધના સાપ્તાહિક – ૨૭ એપ્રિલ, ૨૦૦૨)

અને આજે રોજ ઊઠીને ગુજરાતનાં નગરોમાં બનતા કિસ્સાઓ સાંભળવા મળે છે :

'મુસ્લિમ યુવકની કનડગતથી મોરબીની હેતલે કરેલો આપઘાત...'

'બારડોલીના હિન્દુ વેપારીના મુસ્લિમ પાર્ટનરે વેપારીની બહેન વર્ષાને ફસાવી અપહરણ કરી લગ્ન કરી લીધાં...'

'વિદ્યાનગરમાં ભણવા આવેલો મુસ્લિમ વિદ્યાર્થી હિન્દુ મકાન માલિકની પુત્રીને ભગાડી ગયો...'

'વડોદરાની સુનીતાને તેના પડોશી મુસ્લિમે સંબંધો કેળવી ગર્ભવતી બનાવી...'

'ભરૂચમાં કમ્પ્યૂટર ક્લાસમાં જતી હિન્દુ યુવતીને કલાસના મુસ્લિમ ઈન્સ્ટ્રક્ટરે ફસાવી લગ્ન કરી લીધાં, જે તેનાં ચોથાં લગ્ન હતાં...'

'વડોદરાની હિન્દુ વિધવાને ફસાવી એક મુસ્લિમે તેની મિલકત પચાવી પાડી, અને સુરતમાં તેની પાસે વેશ્યાગીરીનો વ્યવસાય મજબૂરીથી ચાલુ કરાવ્યો.'

'તળાજાના જૈન વેપારી કેસરીચંદ શાહની દીકરી પૂર્વીને ટેક્સી ડ્રાઈવર ફિરોઝ અલારખા લલચાવી - ફોસલાવી ભગાડી ગયો...'

અને છેલ્લે, 'રાંદેર - સુરતના મુસ્તફા શેખે સુથાર મહોલ્લાની ભામિની કંદોઈ સાથે ૧૭ વર્ષ પહેલાં નિકાહ પઢી વહીદા શેખ બનાવી બીજી પત્ની તરીકે રાખી હતી. હવે સત્તર વર્ષ સુધી રોજીંદો ત્રાસ આપી વહીદા અર્થાત્ ભામિનીને શેખ અને તેની પહેલી પત્નીએ ઢોરમાર મારી ઘરની બહાર હાંકી કાઢી છે...' (ગુજરાત સમાચાર, ૧૯ તથા ૨૨ ડિસેમ્બર, ૨૦૦૨)

૧૩, ડિસેમ્બર ૨૦૦૧ના રોજ ભારતીય સંસદ ભવન પર આતંકવાદી હુમલો કરનાર શૌકત હુસેન ગુરુને પરણનાર શીખ યુવતી નવજોત સંધુ(અફસાન ગુરુ)એ મુસ્લિમ યુવાન સાથે લગ્ન કરીને શું મેળવ્યું ? 'દેશદ્રોહી'નું બિરુદ ?

આપણા હિન્દુ સમાજના પાયામાં એસિડ નાખી તેને હચમચાવી નાખવાનું આ એક ઘોર ષડ્યંત્ર ચાલે છે, તેની તમને જાણ છે ? તમારી દીકરીઓને આ અંગે ક્યારેય જાગૃતિના પાઠ ભણાવવા પ્રયત્નો કર્યા ખરા ?

એક સર્વેક્ષણની ભાષા યથાતથ જાણી લઈએ : 'મુસ્લિમ યુવકોએ કૉલેજમાં અભ્યાસ કરતી યુવતીઓને પ્રેમજાળમાં ફસાવી સૌથી વધુ લગ્ન કર્યાં. ટકાવારીની દૃષ્ટિએ જોતાં ૬૦% યુવતીઓ કૉલેજોમાં ફસાય છે. ચોંકાવનારા અહેવાલો તો કહે છે કે યુવતીઓને ફસાવા માટે મજબૂર કરવામાં આવે છે. શહેરના પોશ વિસ્તારમાં શૉપિંગ કરવા કે ફરવા નીકળેલી યુવતીઓને હોટેલ

કે પાર્કિંગમાં ઊભેલા મુસ્લિમ યુવકો દ્વારા આકર્ષવાના ૨૨% કિસ્સાઓ જોવા મળ્યા છે. ફસાયેલી યુવતીઓનાં નામ-સરનામાં જાણી, બીભત્સ ફોટોગ્રાફ પાડી, બ્લેક મેઈલિંગ દ્વારા ગભરાવીને લગ્ન કરવાના કે મુંબઈ જેવાં શહેરોમાં વેશ્યાગીરી માટે મજબૂર કરવાના ૧૮% કિસ્સાઓ બનતા રહે છે...'

નાનકડી બાળકીથી માંડીને વૃદ્ધાવસ્થાએ પહોંચેલી સ્ત્રી, તમામ વયની હિન્દુ સન્નારીઓને ભ્રષ્ટ કરવાના દરરોજ અસંખ્ય કિસ્સાઓ દેશ અને દુનિયાભરમાં બનતા રહે છે. ક્યાંક આપણે પણ એમાંનો એકાદ 'દુઃખદ કિસ્સો' ન બની જઈએ !

ગુજરાતના એક સંન્યાસી ઈંગ્લેન્ડના પ્રવાસે ગયા હતા. લેસ્ટરના સનાતન મંદિરમાં પ્રવચનનો કાર્યક્રમ હતો. હજુ તો તેઓ મંદિરમાં પ્રવેશે તે પહેલાં જ તેમને ચોંકાવનારા અહેવાલો મળ્યા. આવો, એ સંન્યાસીની જ કલમે એ હૈયું હલબલાવનાર સમાચારો જાણીએ :

''મંદિરમાં પ્રવેશતાં પહેલાં એક પ્રૌઢ સજ્જને ગળગળા કંઠે કહ્યું : 'સ્વામીજી ! આ દેશમાં પાકિસ્તાનીઓ હિન્દુઓની દસ હજાર છોકરીઓ ઉઠાવી ગયા છે. લોકોને સ.વધાન કરો !' મને નવાઈ અને ધક્કો લાગ્યો. આ સમસ્યા વર્ષો જૂની છે, પણ આટલી વિકરાળ થઈ ગઈ હશે તેની કલ્પના જ ન હતી, કદાચ આંકડો થોડો વધારે હોય, પણ વાત તો સાચી જ છે. મને એવું લાગે છે કે આપણે માત્ર રમતના ક્ષેત્રમાં જ નહિ, જીવનનાં બધાં ક્ષેત્રોમાં પાકિસ્તાનથી હારી રહ્યા છીએ. છતાં 'મહાન' હોવાનો નાદ ગજવીને પોતાને છેતરી રહ્યા છીએ. કશું કરી શકાતું નથી. કારણ કે બધી કમજોરીનું મૂળ બ્લ્યૂપ્રિન્ટ છે. હું વર્ષોથી પોકાર પાડું છું કે જાગો, હવે તો બ્લ્યૂપ્રિન્ટ સુધારો, નહિ તો આવનારાં વર્ષોમાં નામશેષ થઈ જઈશું. મૂળ પ્રશ્નો ઉકેલો, તો જ ભવિષ્યમાં અસ્તિત્વ રહેશે. નહિ તો હવે ભૂંડા દિવસો આવી રહ્યા છે.

''એક માણસે તો મને કહ્યું કે હિન્દુ છોકરીઓ સાથે પરણવા મુસ્લિમ યુવાનોને પ્રોત્સાહિત કરતું બૉર્ડ લેસ્ટરની કોઈ મસ્જિદ આગળ લગાવવામાં આવેલું.

''એક બીજા ભાઈએ કહ્યું કે કોઈ મંદિરની બહાર ઊભા રહીને મુસ્લિમ યુવાનોએ હિન્દુઓને સમજાવવા પ્રયત્ન કરેલો કે 'અંદર ના જશો, પૂતળાં સિવાય અંદર કશું જ નથી. જો પરમાત્માનો સાચો રાહ જોઈતો હોય તો

મસ્જિદમાં આવો...' વગેરે. લોકોએ પોલીસ બોલાવી પણ પોલીસે કહ્યું : 'આમાં અમારાથી કશું ના થઈ શકે, જ્યાં સુધી આ લોકો કાયદો ન તોડે ત્યાં સુધી અમે લાચાર છીએ.' આ આપણો પરાજય છે." (સંદેશ, ૫ જાન્યુઆરી, ૨૦૦૩)

છેલ્લાં દસેક વર્ષથી વધેલી આ પ્રવૃત્તિઓના આંકડા ભયંકર ષડ્યંત્રની વાતને પૂરતું સમર્થન આપે છે. મુસ્લિમ સંગઠનના ડૉ. કે. એમ. ફારૂખ નામના એક નેતાએ આ અંગે જાહેરમાં એક પત્રિકા રમતી મૂકી છે. હિન્દુ - શીખ યુવતીઓને ભ્રષ્ટ કરવાની ચળવળને વેગ આપવા તેણે શબ્દો વાપર્યા છે :

'જો કાફરો (એટલે કે હિન્દુઓ અને શીખો) હળવા દબાણ કે સમજાવટથી ન માને, તર્કથી ન માને, તો ધર્મ-પરિવર્તનની બીજી કેટલીક રીતો પણ છે. જેની પવિત્ર કુરાનમાં પણ મંજૂરી છે. દગાથી તેમનું ધર્મ-પરિવર્તન કરવા આપણે આપણા દીકરાઓને મોકલીને હિન્દુ અને શીખ કન્યાઓને ઈસ્લામની જમાતમાં લાવવી પડશે...

'આપણા મુસ્લિમ યુવાનોનું કાર્ય દિવસે દિવસે સરળ બનતું જાય છે. કારણ, શીખ અને હિન્દુ કન્યાઓને તેમના ધર્મ બાબત કોઈ જ્ઞાન આપવામાં આવતું નથી. તેમની કેળવણી પાશ્ચાત્ય ઢબે થાય છે. અને શાળાઓ, કૉલેજો તથા યુનિવર્સિટી કેમ્પસ જેવાં સ્થળો આપણા (મુસ્લિમ) યુવકો માટે ખૂબ મોકાની જગ્યાઓ છે. કારણ, હિન્દુ કન્યાઓ સારી ખાણી-પીણી અને મોજ-શોખની શોખીન હોય છે, આમ, ધીરે ધીરે તેઓને ઈસ્લામમાં ખેંચી શકાય છે.

'આ કોઈ કઠિન કાર્ય નથી. કારણ, બધી જ કાફર સ્ત્રીઓને (હિન્દુ - શીખ કન્યાઓને) મુસલમાનો ગમે છે. કારણ સરળ છે, તે છે મુસલમાનોનું સોહામણું રૂપ અને તીક્ષ્ણ બુદ્ધિ ! જે કાફરોમાં નથી...'

હા, 'અબુધ' હિન્દુ કન્યાઓ ફસાય છે, એમ બોલવામાં આપણને શરમ આવવી જોઈએ. શું હિન્દુ કન્યાઓએ આજ સુધી પોતાની આસપાસના વાતાવરણમાં પ્રસરેલા આ ઝેરને જોયું નથી? અનુભવ્યું નથી? છતાં એ કન્યાઓ 'અબુધ' કે 'નિર્દોષ' રહી કેવી રીતે ? શું તેમને જાણી જોઈને મુસલમાન યુવકોની માયાજાળમાં ફસાઈ જવાના ઉમળકા છે ?

૨. ધાર્મિક શિક્ષણ : હિન્દુ સમાજનો પ્રાણવાયુ

ડૉ. ફારૂખ લખે છે : હિન્દુ - શીખ કન્યાઓને કોઈ ધાર્મિક શિક્ષણ આપવામાં આવતું નથી ! એ સો ટકા નહીં, તોય એંસી ટકા તો સત્ય છે જ !

એક વખત રોજગારી અંગે કૉલેજની અને પી.ટી.સી.ની કન્યાઓનો ઈન્ટરવ્યૂ યોજવામાં આવ્યો હતો. તેની પ્રશ્નોત્તરીની ઝલક :

- 'ગાંધીજીનાં બાનું નામ શું હતું ?'
  'કસ્તૂરબા !'
- 'અબ્દુલ કલામ કોણ છે ?'
  'એક સારા ક્રિકેટર !'
- 'શ્રીમદ્ ભગવદ્ગીતામાં કોનો-કોનો સંવાદ છે ?'
  'સૉરી સર, મેં S.S.C.માં સંસ્કૃત વિષય લીધો ન હતો !'
- 'તમને અધિકાર આપવામાં આવે તો દેશની કઈ સમસ્યા વિશે તમે ઝડપી નિર્ણયો લેવાનું પસંદ કરો ?'
  'ગામેગામને મોડર્ન ટચ આપવા પ્રયત્ન કરું.'
  'મોડર્ન ટચ' અંગે સ્પષ્ટતા કરશો ?'

'બસ, બધી જ પ્રકારની લક્ઝરી ! ખાણી-પીણીથી માંડીને ડિસ્કોથેક સુધીની !'

અને આ એક જૉક જ છે, પણ આધુનિક યુવાનો-યુવતીઓના માનસનું તેમાં આબાદ પ્રતિબિંબ ઝીલાયું છે :

પ્રૉફેસરે પૂછ્યું : 'ભારતના કોઈ પણ શ્રેષ્ઠ ૧૧ મહાપુરુષોનાં નામ લખી જણાવો.'

થોડી વારે એક વિદ્યાર્થીને દ્વિધામાં જોઈ પ્રોફેસરે પૂછ્યું : 'શું તેં યાદી

બનાવી લીધી ?'

'હા સર ! ૧૦ નામ તો લખાઈ ગયાં છે, પણ અગિયારમા નંબરે અજય જાડેજાને મૂકવો કે નવજોત સિદ્ધુને તે હું નક્કી કરી શકતો નથી !'

બિચારા પ્રૉફેસર આઘાત અને આશ્ચર્યથી દિગ્મૂઢ થઈ ગયા !

ક્યાં ગયા એ નચિકેતાઓ ? જે યમરાજને પણ બ્રહ્મજ્ઞાન માટે પ્રશ્નો પૂછતા... અને ક્યાં ગઈ એ ગાર્ગીઓ ? જે સૃષ્ટિનાં રહસ્યોનો તાગ લગાવવા તત્ત્વજ્ઞાનનાં જળમાં ડૂબકીઓ લગાવતી ? એ ધર્મની અને ભક્તિની તરસ ક્યાં ગઈ ? ઇતિહાસમાં ચમકતી વીરાંગના નારીઓના જીવતરની ખુમારીઓને પ્રવેશવા આ સ્કીનટાઈટ કપડાંવાળી છોકરીઓના અંતરાત્મામાં જગ્યા છે કે નહીં ?

આ રહી એ ધધકતી જ્વાળા સમી વીરાંગનાઓની અનન્ય ગાથાઓ...

આ દેશના વારસાને જીવતો રાખવા જેઓ ધગધગતી ચિતામાં હસતે હૈયે ખાબકી પડી હતી... પોતાના શીલ અને સૌંદર્યને એક યવનને હવાલે થવા દેવાને બદલે એમણે પોતાનું મોત વહાલું કર્યું હતું... આ દેશની રક્ષાને કાજે સ્વયં તલવાર લઈને સમરાંગણમાં સૌથી આગળ કૂચ કરી ગઈ હતી...

આર્યભૂમિની બાળાઓ! આ રાજકન્યાઓ, ધર્મકન્યાઓ, ઋષિ-કન્યાઓના ઋણનાં દુંદુભિ હજુયે ગાજ્યાં કરે છે... એ તમને નિરાંતની નિંદર ક્યાંથી લેવા દેશે !

જુઓ આ રહી ચરિત્રોની ટૂંકી હારમાળા...

વીરાંગના રાણી કર્મદેવી

મુહમ્મદ ઘોરીએ સેનાપતિ કુતુબુદ્દીન ઐબકને વિકરાળ સેના સાથે મેવાડ પર ચડાઈ કરવાનું ફરમાન કર્યું. મેવાડના રાજા સમરસિંહ અને તેની એક પત્ની પૃથા તો ક્યારનાંય અગાઉના યુદ્ધમાં બલિદાનીની વેદી પર પોતાનું મસ્તક અર્પણ કરી ચૂક્યાં હતાં. બીજી રાણી કર્મદેવી પર મેવાડની રક્ષાનો ભાર આવી પડ્યો હતો. અને તેણે રાજપૂત સરદારોને હાકલ કરી : 'મહારાણાની વીર પત્ની હું હજુ જીવતી છું ત્યાં સુધી મેવાડની ધરતીને યવનો પોતાની એડી નીચે કદાપિ નહીં કચડી શકે... શું રાજપૂતોની નસોમાં આ દેશના મહાન યોદ્ધાઓનું લોહી વહેતું બંધ થઈ ગયું છે ? શત્રુઓના સંહાર

માટે હું રણચંડી બનીને ત્રાટકીશ... જાઓ, યુદ્ધની તૈયારી કરો...'

અને ખરેખર, રાણી ભૂખી સિંહણની જેમ દુશ્મનો પર ત્રાટકી. મુસલમાનો ગાજર-મૂળાની જેમ કપાવા લાગ્યા. પરાજિત શત્રુઓમાં ભાગદોડ મચી ગઈ અને મેવાડ ફરી એક વાર વિદેશી સત્તાના વિકરાળ પડછાયામાં પ્રવેશતાં એક વીરાંગનાની તાકાતથી બચી ગયું...

વીરાંગના વીરમતી

ચૌદમી સદીનાં કેટલાંક વર્ષો સુધી આ દેશની બાદશાહી અલાઉદ્દીન ખિલજી ભોગવતો હતો. ચિતોડની મહારાણી પદ્મિનીએ જૌહર કરીને એ યવનના હાથમાંથી પોતાની મર્યાદા બચાવી લીધી, પણ અલાઉદ્દીન એ પછી દેવગિરિ પર ત્રાટક્યો.

ત્યાંના રાજા રામદેવે મરાઠા સરદારો સાથે રહીને જબરદસ્ત લડત આપી. તેમાંના એક મરાઠા સરદારની દીકરી એ જ વીરમતી. કૃષ્ણરાવ નામે શૂરવીર સેનાનાયક સાથે તેના વિવાહ નક્કી થયા હતા, પણ એ નાયક દેશદ્રોહી સાબિત થયો...

પહેલા હલ્લામાં તો અલાઉદ્દીનના હજારો સૈનિકોનો કચ્ચરઘાણ વળ્યો, પણ એક રાત્રે કૃષ્ણરાવને તેણે ફોડી લીધો. વીરમતીને આ અંગે કંઈક રંધાતું હોવાની ગંધ આવી ગઈ હતી. તેણે એક ક્ષણ પણ કૃષ્ણરાવનો કેડો ન મૂક્યો અને જેવું ધાર્યું હતું એવું જ બન્યું, અલાઉદ્દીનના એક સેનાપતિને મળવા કૃષ્ણરાવ એક ગુફા તરફ ચાલી નીકળ્યો. પાછળ પુરુષના વેશમાં વીરમતી આવી રહી હતી... અને અલાઉદ્દીનના સેનાપતિને મહત્ત્વની માહિતીઓ મળે તે પહેલાં તો કૃષ્ણરાવની છાતીમાં વીરમતીની તલવાર આરપાર નીકળી ગઈ... યવન સેનાપતિ ઊભી પૂંછડીએ નાઠા... અને ભૂમિ પર તરફડતો કૃષ્ણરાવ વીરમતીને જોઈ નિઃસ્તબ્ધ બની ગયો. માંડ માંડ બોલી શક્યો : 'પ્રિયે... વીરમતી... મૈં... મૈં સચમુચ પાપી હૂઁ... ક્ષમા કરો...'

અને વીરમતીએ પતિ પાછળ પરલોક સીધાવવા એ જ તલવારથી પોતાનો પણ શિરચ્છેદ કર્યો... પણ રાજ્યને મુગલોની રાક્ષસી ચુંગાલમાંથી બચાવી લીધું !

સતી પ્રભાવતી

ગુન્નૌરની મહારાણી પ્રભાવતીનાં રૂપ-લાવણ્યની વાતો સાંભળીને નજીકના જ રાજ્યનો એક મુસ્લિમ સૂબો તેની પાછળ પડી ગયો હતો, પણ તેની દાળ ન ગળી. આખરે તેણે હુમલો કરી દીધો. રાણી નર્મદા નજીકના તેના બીજા કિલ્લામાં આશ્રય લેવા લાગી. સૂબાએ ગુન્નૌર જીતીને રાણીને પત્ર મોકલાવ્યો : 'પ્રભાવતી ! તું હવે ક્યાંય છટકી નહીં શકે. હવે આત્મ-સમર્પણ કરી, મારી સાથે વિવાહ કરી લેવો એ જ તારા માટે છેલ્લો ઉપાય બચે છે...'

પ્રભાવતીએ આ દુષ્ટને સબક શીખવવાનું નક્કી કરી લીધું અને સામો પત્ર લખ્યો : 'હું વિવાહ કરવા તૈયાર છું, પણ તમારી પાસે વિવાહ યોગ્ય પોષાક આવા યુદ્ધ સમયે નહીં જ હોય ! આથી, હું તમને સુંદર પોષાક મોકલું છું. આપ તે પહેરીને પધારશો...'

અને એ સૂબો ખુશ થઈ ગયો. રાણીએ મોકલેલો પોષાક પહેર્યો, પછી તેને કિલ્લામાં લઈ જવામાં આવ્યો.

પણ આ શું ? રાણીનું અદ્‌ભુત રૂપ જોવાના તેના હોશ-કોશ પણ ઊડી ગયા હતા. તે ભયાનક રીતે તરફડિયાં મારવા લાગ્યો.

તેનો આ તરફડાટ જોઈ રાણી મલકાઈ ઊઠી. કહે : 'ખાં સાહેબ ! બસ હવે આ તારી છેલ્લી ક્ષણો ગણી લેજે ! તારા વિવાહ મારી સાથે નહીં, મોત સાથે થઈ રહ્યા છે.'

હા, એ રાજપૂત રાણીએ એ પોષાકને ઝેરમાં ડુબાડીને આપ્યો હતો... જેણે કાયમ માટે પેલા મુસ્લિમ સરદારને કફન સાથે દફન કરી દીધો...

સતી ભગવતી

ઔરંગઝેબનો શાસનકાળ પૂરા ભારતના ઈતિહાસ માથે લાગેલું કલંક છે. તેની જેમ જ તેના સરદારો પણ હિન્દુઓને શક્ય તેટલા ને શક્ય તેવી રીતે અત્યાચારોની આગમાં શેકવા તલસી રહેતા.

મિર્ઝા એમાંનો એક હતો. એક વાર ગંગા નદીમાં તે નૌકા લઈને સહેલ કરવા નીકળ્યો અને એક રૂપવતી કન્યાને સ્નાન કરતી જોઈ મિર્ઝાના રોમ-રોમમાં આગ લાગી ગઈ. તપાસ કરીને જાણી લીધું કે સ્ત્રીનું નામ ભગવતી

છે અને ગામના ઠાકોર હોરિલસિંહની બહેન છે. એ બૂઢા અને લંપટ મોગલ સરદારે ઠાકોર હોરિલસિંહને બોલાવી ફરમાન કર્યું : 'તમારી બહેન તો બેગમ થવા સર્જાઈ છે. એને સોંપી દો અને આ [illegible],૦૦૦ અશરફી લઈ જાઓ...'

હોરિલસિંહની આંખોમાંથી અંગારા છૂટવા લાગ્યા : 'ખબરદાર મિર્ઝા સાહેબ ! ફરી આ વાત જબાનથી નીકળી તો મારી તલવાર ને તમારું માથું છે !...'

મિર્ઝાના પેટમાં તેલ રેડાયું. હોરિલસિંહને પકડી નૌકાના ભંડકિયામાં પૂરી દેવાયા.

આ સમાચાર સાંભળી ઠાકોરની પત્નીએ માથું કૂટ્યું. ભગવતી કહે : 'ભાભી ! ચિંતા ન કરો. ભાઈ થોડી જ પળોમાં છૂટી જશે...'

અને ભગવતી મિર્ઝા સામે પહોંચી ગઈ. આદાબ કરીને એણે કહ્યું : 'આપે નાહક આટલી ધાંધલ કરી. હું તમારી બેગમ બનવા તૈયાર જ છું. મારા ભાઈને છોડો એટલે તૈયારી કરીએ...'

હોરિલસિંહ તાત્કાલિક છૂટી ગયા.

'મને નૌકાની સફરમાં બહુ બીક લાગે છે...' એવું બહાનું કાઢી ભગવતીએ મિર્ઝાને પાલખી તૈયાર કરવા કહ્યું. પાલખી આવી ગઈ. રસ્તામાં એક સુંદર સરોવર પાસે પાલખી ઊભી રખાવી ભગવતીએ પાણી મગાવ્યું, તો મિર્ઝા પોતે જ પાણી લેવા દોડ્યો. ભગવતીએ કહ્યું : 'નિકાહ પઢી લીધા પછી જ તમારા હાથનું અન્ન-જળ લેવાય. અત્યારે મને માફ કરો. મારી માત્ર આ સરોવરમાં નાહવાની ઇચ્છા છે !'

'કેમ એકદમ ?'

'એટલા માટે કે આ તળાવ મારા પિતાએ બંધાવ્યું હતું. બાળપણમાં આ તળાવમાં હું ખૂબ નાહી છું...'

અને મિર્ઝા જોતો રહ્યો. ભગવતી સરોવરમાં જવા જાતે જ પાલખીમાંથી ઊતરી પડી અને ઊંચા ઘાટ પર ચડી પ્રાર્થના કરી : 'હે મા દુર્ગા ! મારી લાજ રાખી તારા ખોળે લઈ લેજે... આ શરીરને આ નરાધમ મ્લેચ્છનો સ્પર્શ મારા જીવતાં તો ન જ થવો જોઈએ...'

અને બીજી જ ક્ષણે તેણે ઊંડા તળાવમાં છલાંગ લગાવી દીધી... ઘણી જહેમત પછી ભગવતીનું નિશ્ચેતન શરીર હાથ લાગ્યું.

હોરિલસિંહની આંખો આંસુથી છલકાઈ ઊઠી : ‘धन्य है बहना, तू सचमुच भगवती थी ! अपने कुल की लाज तूने अपने प्राणों की बलिदानी देकर रख ली...’

મિર્ઝા હાથ ઘસતો ચાલ્યો ગયો.

આજે પણ કાશી પાસે એ જ જગાએ ‘સતી ચોરા’ નામે દેરી પ્રેરણાની ધજા ફરકાવતી ઊભી છે, જ્યાં ભગવતીને અગ્નિદાહ આપવામાં આવ્યો હતો...

મહાસતી રાજીમતી

જૈન સ્ત્રી-પાત્રોમાં આજે પણ જેમની મહાસતી તરીકે ગણના થાય છે, તેવાં મહાસતી રાજીમતીની આ વાત છે.

ગૌરીપુરમાં જન્મેલા બાવીસમા તીર્થંકર ભગવાન અરિષ્ટનેમિ બાળપણથી વિરક્ત હતા, પણ એમની સગાઈ રાજા ઉગ્રસેનની પુત્રી રાજીમતી સાથે કરી દેવામાં આવી. તેમની સગાઈના સમારંભમાં હિંસા માટે લવાયેલાં પશુઓને જોઈ અરિષ્ટનેમિ કાંપી ઊઠ્યા અને વૈરાગ્યની તીવ્ર લલકથી તેમણે ગિરનાર પર્વત પર જઈ ત્યાગાશ્રમ અંગીકાર કરી લીધો. રાજીમતીએ પતિદેવની આવી ભાવના જોઈ તત્કાળ તેનું અનુસરણ કર્યું. અરિષ્ટનેમિ હવે નેમિનાથ તરીકે જાણીતા થયા હતા અને એક દિવસ રાજીમતી ગિરનારનાં ગાઢ જંગલોમાં તેમને મળવા ચાલી નીકળી.

અચાનક વરસાદ ધોધમાર તૂટી પડ્યો. રાજીમતી દિશાસૂઝના અભાવે ભીને વસ્ત્રે જ એક ગુફામાં પેસી... અંધકારમાં પોતાનાં ભીનાં વસ્ત્રો ઉતારી સૂકવવાની તજવીજ કરવાની શરૂ કરી. પણ આ શું ? ગુફામાં રથનેમિ નામે જૈન સાધુ તપસ્યા કરી રહ્યા હતા... રાજીમતીના રૂપ લાવણ્યની આગ તેમના ચિત્તને જલાવી રહી હતી. સહજ રૂપે આકર્ષાઈ તેમણે રાજીમતી સામે વિષયભોગની પ્રાર્થના કરી.

રાજીમતી સહેજ પણ વિચલિત ન થયાં. તેમને થયું : આ સાધુની વર્ષોની તપશ્ચર્યા ધૂળમાં ન મળવી જોઈએ. આખરે તેમણે સંયમ ભ્રષ્ટતાના માર્ગે જવા તૈયાર થયેલા આ ત્યાગીને કઠોર શબ્દોમાં ઠપકો આપ્યો : ‘રથનેમિ ! સાપ કદાચ અગ્નિમાં બળી જશે, પણ પોતાનું ઓકેલું ઝેર તે પાછું નથી ચાટતો ! અને તમે વિષયોની ઊલટી કરીને ભોગવિલાસ તજી દીધાં

છે, પણ આજે વિવેકભ્રષ્ટ થઈને તમે આ શું માગી રહ્યા છો ? આ કરતાં તો મોત સારું. હે અપયશના અભિલાષી ! વિષયભોગ તમને ભયના અધિકારી બનાવશે, ઉજ્જ્વળ ચારિત્ર્યના માલિક નહીં ! તમે તમારી જાતને વશમાં રાખતાં શીખો !... તમારા આત્માને કામભોગથી હટાવી પ્રભુમાં જોડો !....'

અને ખરેખર એક સામાન્ય સાધુના અંતરમાં અસામાન્યતાનો સંચાર થયો. એક ગહન અંધકારમાં આ સતીસ્ત્રીના ચારિત્ર્યના દીવાએ એક ત્યાગીનું અંતર ઝળાંહળાં કરી મૂક્યું... તે સંયમનાં સોપાનો ફરીથી ચઢવા લાગ્યા.

તપસ્વિની રાજરાણી અહલ્યાબાઈ

શું તમે જાણો છો ઈન્દોરનાં પ્રતાપી રાજરાણી અહલ્યાબાઈ એક ભરવાડનું સંતાન હતાં ?

હા, મહારાષ્ટ્રના ઔરંગાબાદના બીડ તાલુકાના ચૌંડી ગામમાં વસતા માણકોજી શિંદે નામે ધનગર(એટલે કે ભરવાડ)ની પુત્રી અહલ્યાબાઈમાં મા-બાપ પાસેથી આવેલા ધર્મના સંસ્કાર હતા. એમણે નાનપણથી ધનુર્વિદ્યાની નિપુણતા સિદ્ધ કરી હતી. અત્યંત અલ્પ શિક્ષણ હતું, પણ ચારિત્ર્યનું એમનું તેજ ભલભલાં રૂપને પણ ઝાંખાં પાડતું !

માધવરાવ પેશવાના સૂબેદાર મલ્હારરાવે જંગલ રસ્તે પસાર થતાં આ સાત-આઠ વર્ષની કન્યાને નાણી જોઈ, અને પોતાના દીકરા ખંડેરાવ માટે માગું નાખી દીધું ! માણકોજીનો હરખ માતો નથી, દીકરી મોટે ઘરે પરણવાની છે, પણ સન ૧૭૨૫માં જન્મેલી આ કન્યાને સન ૧૭૩૩માં પરણાવાય છે, ત્યારે એની ઉંમરેય શું હતી ? માત્ર આઠ વર્ષની !

ઈન્દોરના રાજમહેલે આ બાલિકાને પલોટવા માંડી ધર્મવિદ્યા, કર્મવિદ્યા, શસ્ત્રવિદ્યા, નીતિવિદ્યા, શાસ્ત્રવિદ્યા, રાજનીતિના દાવપેચ, સૈન્ય સરંજામની પૂર્વતૈયારીઓ, યુદ્ધના પડઘમ વેળાની નિશ્ચયાત્મક દૃઢતા અને કુનેહસભર નિર્ણયશક્તિ એમણે સસરા મલ્હારરાવના વ્યક્તિત્વમાંથી આત્મસાત્ કરવા માંડી હતી.

કારણ એટલું જ હતું કે પતિ ખંડેરાવ વાસનાનું જીવતું જાગતું પૂતળું હતો ! દારૂનો નશો અને હલકી સ્ત્રીઓનો સંગ એનું જીવતર હતું.

અને એક સાંજની વાત છે. બારેક સ્ત્રીઓના સહવાસમાં નશામાં ધૂત

પડેલા ખંડેરાવે પત્ની અહલ્યાબાઈને કહેણ મોકલ્યું : 'આજે સેવામાં હાજર થવું !'

અને સમય થતાં અહલ્યાબાઈ પતિના ઓરડાની બહાર આવી ઊભાં રહ્યાં, અંદર કહેવડાવ્યું : 'બધી સ્ત્રીઓ બહાર જશે, પછી અંદર આવીશ !'

અને એમ જ થયું. દારૂની ભયંકર દુર્ગંધ એમનાથી સહન ન થઈ. એમણે પતિને સણસણતી વાણીએ વીંધવાનું શરૂ કર્યું : 'તમારે સ્ત્રીઓ અને મદ્યની જરૂર છે, ધર્મપત્નીની નહીં ! ખરું ? ધર્મપત્નીના સ્વાગત માટે શું આપનું આ રૂપ યોગ્ય છે ? હું સૂબેદારના ઘરની પુત્રવધૂ છું, સૂબેદાર મલ્હારરાવની સમશેર પર શત્રુનાં લોહીનાં ચિહ્નો હોય છે અને મારા સ્વામીની સમશેર પર દારૂનાં ટીપાં ! આપણે કોણ છીએ, આપણું કર્તવ્ય શું છે ? તેની ખબર રાખો મહારાજ ! અને ધ્યાન રાખો, કે જ્યારે પણ અમારી જરૂર હોય, ત્યારે પહેલાં બે દિવસ વ્રત કરો, ભોજન હું મોકલાવીશ !'

અને અહલ્યાબાઈ પતિની તલવાર સાથે સડસડાટ ઓરડાની બહાર નીકળી ગયા. હા, ખંડેરાવે દારૂમાં પોતાનું જીવન બરબાદ કરી જ દીધું હતું. રાણીને 'પતિસુખ નથી' એ દુઃખ કરતાંય વધુ દુઃખ તો એ વાતનું હતું કે પતિ પરાક્રમી નથી, વીર નથી !

અને કુંભેરના કિલ્લા પર યુદ્ધનાં નગારાં વાગવાં લાગ્યાં, મલ્હારરાવે કુંભેર જીતવા જાળ બિછાવી દીધી હતી પણ કુંભેરનો રાજા સૂરજમલ જાટ એમ ગાંજ્યો જાય તેવો ન હતો. દારૂના નશામાં દુનિયા જીતવાના મનસૂબા જોતા ખંડેરાવ કોઈનીયે સૂચના વિના લથડિયાં ખાતાં જ ઘોડેસવાર થયા. કુંભેરના કિલ્લા પાસે પહોંચ્યા ત્યાં જોટાળી બંદુકની ગોળી ખંડેરાવની છાતી ફાડીને માંહી પેસી ગઈ ! ભયાનક ચીસ સાથે ખંડેરાવે શરીર છોડી દીધું !

રાણી અહલ્યાબાઈએ આસમાન કંપાવતું કલ્પાંત કર્યું. સતી થવા ચૂડો તોડી નાખ્યો, પણ સસરા મલ્હારરાવ પોકે પોકે રડીને તેને વીનવી રહ્યા : 'બેટા, તું સતી ન બન ! અમારી સામે તો જો ! તું રહીશ તો હું માનીશ કે જે ગઈ તે અહલ્યા, ને જે જીવંત છે તે ખંડેરાવ ! તું જ મારો દીકરો છે બેટા... હોળકરોના કુળને સ્મશાન બનાવીને ન જા દીકરી ! હું તારે પગે પડું છું !'

અને સસરાએ પુત્રવધૂના પગ પકડી લીધા ! અહલ્યાબાઈથી આ કલ્પાંત સહન ન થયું. તેમણે મન વાળી લીધું. અને માત્ર ૨૯ વર્ષની ઉંમરે જ

આવેલા વૈધવ્યનો શાપ આયખા પર કાયમ માટે ઓઢી લીધો... નાનકડો પુત્ર માલેરાવ અને પુત્રી મુક્તાબાઈમાં એમણે મન પરોવ્યું. રાજકાજમાં દક્ષતા મેળવવા માંડી, દારૂગોળા બનાવવાની વિધિથી માંડી નાની-નાની સો-સો તોપો બનાવવાના કામ ઉપર એકસાથે દેખરેખ રાખવા માંડી.

પણ ઈન્દોરના મહેલમાં એમના માથે મૃત્યુએ ફરી એક ઘા માર્યો. તેમના માતા સમાન સાસુ ગૌતમાબાઈનું મૃત્યુ થયું ! હવે મલ્હારરાવ પણ ઉદાસ રહેવા લાગ્યા. પત્નીનાં અવસાનના બરાબર ચાર વર્ષ બાદ સને ૧૭૬૬માં અલંપુર નામે નાનકડા ગામમાં ૭૬ વર્ષની વયે તેમણે પણ ફાની દુનિયા છોડી દીધી, ૩૦-૩૦ વર્ષની એમની ઉજ્જ્વળ કારકિર્દીનો અંત આવ્યો.

આ સમયે રાજ્યની મહેસૂલી આવક હતી, રૂપિયા સાડા ચુમ્મોતેર લાખની ! જે અહલ્યાબાઈની મહેનત અને વહીવટથી વધીને રૂપિયા એક કરોડ, પાંચ લાખ, સાડત્રીસ હજાર, બસો ને અગિયાર રૂપિયા થયેલી !

આ ઉપરાંતની ખાનગી સંપત્તિમાં ત્રણ લાખ રૂપિયા રોકડા અને લાખો રૂપિયાના ઘરેણાં સાથે કુલ ૧૬ કરોડ રૂપિયા તેમની રાજ્ય તિજોરી છલકાવી રહ્યા હતા !

લશ્કર, વિશાળ સામ્રાજ્ય, હજારો અધિકારીઓ, રાજ્યના સેંકડો પ્રશ્નો, ભીલોની લૂંટ, રઘુનાથરાવ અને હોળકર સામ્રાજ્યના દીવાન ગંગાધર યશવંતનો વિશ્વાસઘાત.. આવી અનંત સમસ્યાઓ તેમના માથે તલવારની જેમ તોળાયેલી હતી. અને તેઓ એક પછી એક સમસ્યાઓ કુનેહપૂર્વક ઉકેલતાં રહ્યાં હતાં.

પરંતુ તેઓ ઉકેલી ન શક્યાં હોય તેવો અને તેમને સૌથી વધુ બેચેન બનાવતો પ્રશ્ન હોય તો તે અંગતમાં અંગત પ્રશ્ન હતો : પોતાના પુત્ર માલેરાવની 'પિશાચવૃત્તિ'નો ! માલેરાવ માટે તેના દાદા મલ્હારરાવ 'પિશાચવત્' શબ્દો વાપરતા !

આ પુત્ર પૂરો બાપ ઉપર ઊતર્યો હતો. માણસની સહનશીલતાની હદ વટાવે તેવી ઘટનાઓ તો રાણી ઉપર હવે વીતવાની હતી.

અહલ્યાબાઈ પંડિતો, બ્રાહ્મણોને ઝોળીઓ ભરીને દક્ષિણા આપે, તો ઝોળીઓમાં માલેરાવ વીંછીઓ પધરાવી દેતો. જ્યારે પંડિતો ઝોળીમાં હાથ નાખે, ત્યારે વીંછી દંશ દે અને પીડાથી ચિત્કારી રહેલા પંડિતને જોઈ માલેરાવ

રાક્ષસી આનંદ મેળવતો... તાળીઓ પાડતો !

અહલ્યાબાઈનું મન આ દુષ્ટ વર્તનથી ચીરાઈ જતું... પણ ઈશ્વર પ્રાર્થના સિવાય બીજું કરે પણ શું ?

આખરે માલેરાવે દારૂના નશામાં એક નિર્દોષ દરજીને ચીરી નાંખ્યો ! આ હત્યાનો ભાર તેને ગુંગળાવવા લાગ્યો. જાણે દરજીનો પ્રેતાત્મા તેને પીડી રહ્યો છે, તેવા આભાસમાં માલેરાવ ભયંકર બીમારીમાં સપડાયો અને વલખી-તલખીને તેણે પણ માત્ર ૨૧ વર્ષની ઉંમરે દમ તોડી દીધો ! અહલ્યાબાઈ પર દુઃખના પહાડો તૂટી પડ્યા. દુઃખના રણ જેવી એમની જિંદગીમાં સુખની એકાદ વીરડી પણ જોવા ન મળી.

દીકરી મુક્તાબાઈ અને જમાઈ યશવંતરાવમાં તેમને આશા હતી. દીકરીનો દીકરો નાથુબા તેમના ભવિષ્યના કિરણ સમાન હતો પણ ટૂંકી બીમારીમાં તે પણ મોટા ગામતરે ઊપડી ગયો. તેના આઘાતમાં સન ૧૭૯૦માં જમાઈ યશવંતરાવે રડી રડીને દેહ મૂકી દીધો. દીકરીના કોરા કપાળ સામું જોઈ અહલ્યાબાઈનું હૈયું હાહાકાર કરી ઊઠ્યું... અને દીકરીએ પણ પતિ પાછળ ચિતાએ ચડી આત્માની આહુતિ આપી દીધી.

અહલ્યાબાઈ અખિલ સંસારમાં માત્ર વિશ્વાધારનો આધાર લઈને ઝઝૂમી રહ્યાં હતાં. આઘાતોની વિકરાળ પરંપરાએ તેમને નહોતા તોડ્યાં તેટલાં છેલ્લા આઘાતે તેમને તોડી નાખ્યાં ! તેઓ વધુને વધુ ગંભીર, ગમગીન, અંતર્મુખ અને ધર્માભિમુખ બન્યાં.

આટઆટલાં કષ્ટો વેઠીને આ રાજરાણી કયા ઉદ્દેશ્યથી જીવી રહ્યાં હતાં ? બસ, મારા સસરાએ આપેલી જવાબદારીનું પાલન, મારી દીકરા જેવી રૈયતનું રક્ષણ, અને મારી સોના જેવી સંસ્કૃતિનું જતન અને સંવર્ધન !

એક સ્ત્રી ધારે ત્યારે આકાશ જેવડાં દુઃખમાંયે વીજળીની જેમ ચમકી શકે છે. હિમાલય ફાડીને ગંગાની જેમ લોક હૃદયમાં લોકમાતાનું સ્થાન પામી શકે છે. આ આદર્શો અહલ્યાબાઈના ચરિત્રમાંથી સહજ રીતે પ્રકાશી રહ્યા હતા.

સન ૧૭૮૧માં જ્યારે વસઈ અંગ્રેજોના તાબામાં ચાલ્યું ગયું, ત્યારે આખાય મરાઠા સૂબેદારોમાં સૌથી વધુ દુઃખ અહલ્યાબાઈને થયું હતું. તેઓ પોતાના સમય કરતાં ઘણાં આગળ હતાં, દૂરંદેશી હતા અને અંગ્રેજો માટે કહેતાં કે 'વાઘ, ચિત્તા ને સિંહ જેવા પ્રાણીઓને યુક્તિથી મારી નાખવા

સહેલા છે, પણ રીંછને મારવું કઠિન છે ! કોઈ એની ઝપટમાં આવે, તો રીંછ એને ગલીપચી કરીને મારી નાખે છે, તેવી રીતે આ અંગ્રેજો પણ આપણને હસાવી હસાવીને મારે છે !'

એમની સૂચનાઓ માનીને મરાઠાઓ અંગ્રેજ હકૂમતની સામે એક થયા હોત, તો ભારતનો ઇતિહાસમાત્ર એક નારીના કંઠના પોકારથી બદલાઈ ગયો હોત ! પરંતુ મરાઠાઓ એકતા ન આણી શક્યા.

અનેક મોરચે વિશાળ રાજ્યની જવાબદારી એકલ હાથે, વૈધવ્યની સામાજિક મર્યાદાઓ પાળતાં-પાળતાં, ઓછાં સાધનો અને થોડાક જ વિશ્વસનીય માણસો દ્વારા નિભાવવી, એ કેટલાં કુનેહ, શીલ, સદ્‌ગુણોથી સભર લાયકાત દર્શાવે છે !

અહલ્યાબાઈના જીવનનું ધાર્મિક પાસું એક અદ્‌ભુત પુણ્યશાળી આત્માનું જાણે કે કૈલાસદર્શન છે !

ધાર્મિક ગ્રંથોનું વાંચન એમની દિનચર્યામાં વણાયેલું ! સેંકડો પુસ્તકો એમણે લહિયાઓ રાખીને લખાવડાવ્યાં. નકલ કરનાર લહિયાઓના મોટા વર્ગને રોજી તો પૂરી પાડી જ, પણ એમણે એ ગ્રંથો સેંકડો વિદ્વાનોને ભેટ આપ્યા !

ઈન્દોરથી મહેશ્વર ખસેડેલી એમની રાજધાની સંસ્કૃતિનું ધામ બન્યું. શિવપંથી હોવાથી ભારતના બારે જ્યોતિર્લિંગ તીર્થોમાં એમણે માતબર રકમોનું દાન ખેરાત કર્યું. સોમનાથનો જીર્ણોદ્ધાર, મલ્લિકાર્જુનમાં મંદિર, ૐકારેશ્વરમાં ધર્મશાળાઓ, મંદિર ને પાલખી, વૈજનાથ, ઘૃષ્ણેશ્વર અને કાશીવિશ્વનાથ ત્રણેય મંદિરોનો જીર્ણોદ્ધાર, અયોધ્યા, મથુરા, કાશી, ઉજ્જૈન, કાંચી, હરદ્વાર અને દ્વારિકા સાતે પવિત્ર પુરીઓમાં મંદિરો, કુંડો, ઘાટ અને ધર્મશાળાઓ બંધાવી અહલ્યાબાઈએ અભૂતપૂર્વ દાનગંગા વહાવી હતી.

બદરિ-કેદાર, દ્વારિકા, રામેશ્વર અને જગન્નાથપુરી ચારે દિશાનાં ચાર પુણ્ય ધામોના દેવોની પૂજા, ધર્મશાળા, અન્નક્ષેત્ર અને ઉદ્યાનોની સેવા એમણે કરી હતી !

એટલું જ નહીં, નાના-નાનાં સેંકડો મંદિરો, ધામો અને અન્નક્ષેત્રો સાથેનાં અનેક ધર્મકાર્યો એમણે રાજ્યકોષના ધનમાંથી નહીં માત્ર પોતાની ખાનગી મિલકતોમાંથી જ કર્યાં હતાં !

કુરુક્ષેત્રમાં એક વાર તેમણે ગરીબોને સોના-ચાંદી વહેંચી દીધાં હતાં. ગાય, ઘોડા, હાથી, સોનું, ચાંદી, રૂપિયા, અન્ન, વસ્ત્ર કે પોથીઓનાં દાન તેમની ઝોળીઓમાંથી સતત વહેતાં જ રહેતાં.

એમના મહેલ પાસેથી કોઈ ભૂખ્યો કે દુઃખિયો ન જતો. રોજ એમના વાડામાં ૩૦૦ માણસ જમતા. પોતે સિંહાસન પર માત્ર એક સફેદ વસ્ત્ર જ પથરાવતાં. પોતે પણ સફેદ વસ્ત્રો જ ધારતાં ને એક પણ ઘરેણું પહેરતાં નહીં. એમની સાદાઈનું સૌંદર્ય અને એમના શીલના તેજથી ભલભલા અંજાતા. છતાં એટલો જ આદર આપતા. મોટા મોટા પ્રધાનો પણ પત્રમાં તેમને 'માતુશ્રી'નું સંબોધન કરતા.

ભારતાચાર્ય ચિંતામણિ રાવ લખે છે કે રાજકીય દૃષ્ટિએ કોઈ રાજવીઓ મહાન થયા હશે, પણ ધાર્મિક દૃષ્ટિએ તો અહલ્યાબાઈના પેંગડામાં પગ ઘાલે તેવું કોઈ થયું નથી !

અને અંગ્રેજ અફસર સર મૅન માલ્કમ લખે છે : 'સર્વ જાતિના લોકો, સજ્જન કે દુષ્ટ, શાહુકાર કે ચોર બધા જ અહલ્યાબાઈને આશીર્વાદ આપતા, પૂજ્યભાવથી તેમનું નામ લેતા !'

હા, જ્યારે તા. ૧૭-૮-૧૭૯૧ના દિવસે ૬૬ વર્ષની ઉંમરે તેમણે દેહ મૂક્યો ત્યારે આખું રાજ્ય ધ્રુસકે ધ્રુસકે રડ્યું હતું.

सोमनाथ और विश्वनाथ ये मंदिर तोड़े मुगलों ने,
हिन्दु मानबिंदु थे उनका जीर्णोद्धार किया तुमने,
मंदिर निर्मित कर जागृत की सुप्त हिन्दु की चेतना,
शत शत वंदन देवी अहल्ये, सबकी चैतन्य प्रेरणा ।

આર્યપુત્રીઓ ! આવાં તો કંઈ કેટલાંય નારીરત્નો આ આર્યભૂમિએ આપણા સૌની પ્રેરણા માટે આપ્યાં છે...

આ સમગ્ર ચરિત્રોનો સાર માત્ર બે પંક્તિમાં કહેવો હોય તો એટલો જ કહી શકાય :

રૂપનાં દોરડાં કીર્તિના શિખરે ચડવા માટે માત્ર કાચાં તાંતણાં જ સાબિત થાય છે... શીલ અને સદ્‌ગુણ જ તમને અમર કીર્તિ પ્રદાન કરે છે...

સૂરત (રૂપ) સે કીરત (કીર્તિ) ભલી, બિન પંખ ઊડ જાય,
સૂરત તો જાતી રહી, કીરત કબહુ ન જાય!

ઝાંસીની રાણી લક્ષ્મીબાઈ

સાત વર્ષની ઉંમરે જેનાં લગ્ન ૪૦ વર્ષીય રાજા ગંગાધરરાવ સાથે થયાં હતાં... ગંગાધરરાવને દબાવીને કૂટનીતિથી અંગ્રેજોએ ઝાંસીનો સવા બે લાખની વાર્ષિક આવક આપતો વિસ્તાર પોતાની ઝોળીમાં સેરવી લીધો હતો અને સામેથી વિક્ટોરિયાએ એક પ્રશંસાપત્રમાં ગંગાધરરાવની શરણાગતિને બિરદાવી હતી...

રાણી લક્ષ્મીબાઈ એ સમયે માત્ર ૧૫ વર્ષનાં હતાં ! સમસમીને બેસી રહેવા સિવાય તે બીજું કરે પણ શું ? માત્ર સોળ વર્ષે તેમણે પ્રથમ પુત્રને જન્મ આપ્યો, પણ ત્રણ જ માસમાં તેનું મૃત્યુ થયું ! અંગ્રેજોએ ગોઠવી કાઢેલી 'કંપની સરકાર'નો એક કાયદો એમ કહેતો હતો કે બિનવારસદાર રાજ્ય 'કંપની સરકાર'માં ખાલસા કરવું, આથી, ગંગાધરરાવે દત્તક પુત્ર લેવા વિચાર કર્યો, કેમ કે તેઓ અંગ્રેજોએ આપેલા આઘાતથી અંતિમ માંદગી ભોગવી રહ્યા હતા. દામોદરરાવ દત્તક લેવાયા. રાજાએ દેહ મૂકી દીધો. માત્ર ૧૮ વર્ષે રાણી વિધવા બન્યાં. દરમ્યાન અંગ્રેજોએ નવો કાયદો રજૂ કર્યો : 'કોઈ પણ દત્તક રાજકુમારને રાજાનો વારસદાર ગણવામાં નહીં આવે. કંપની સરકાર તે રાજ્યને પણ ખાલસા કરશે...'

અને રાણીના શરીરમાં વીજળી દોડી ગઈ. તાત્યા ટોપે, નાનાસાહેબ, બાળાસાહેબ જેવા સાથીદારો સાથે વિપ્લવની મહાયોજનામાં તેણે પોતાનાં તન, મન, ધન ન્યોછાવર કર્યાં.

પણ અંગ્રેજો ઝાંસીને પગ તળે કચડવા આવી પહોંચ્યા. હ્યુ રોઝ એ સૈન્યનો સેનાપતિ હતો. રાણીના નાનકડા લશ્કરે એ યુદ્ધમાં અપ્રતીમ બહાદુરી બતાવી અને એક સવારે રાણીએ રામચંદ્ર દેશમુખને બોલાવ્યા. કહ્યું : 'આજનો દિવસ એ યુદ્ધ માટેનો આખરી દિવસ લાગે છે. જો હું મૃત્યુ પામું તો મારા પુત્ર દામોદરરાવની સંભાળ લેજો અને મારું શરીર મારા ધર્મમાં માનતા નથી તેવા લોકોને હાથ ન ચડે તે જોજો !'

અપેક્ષા પ્રમાણે રોઝનો વિજય થયો. ક્રાંતિકારીઓના લશ્કરનો મોટો ભાગ પરાજિત થયો. તેમાંના ઘણાની બંદૂકો અંગ્રેજોને હવાલે થઈ અને પૂરની જેમ અંગ્રેજ લશ્કર કિલ્લામાં ધસી આવ્યું.

હવે રાણીને અહીંથી બચવા સિવાય કોઈ માર્ગ રહ્યો નહિ. બે દાંતની વચ્ચે લગામને દબાવી રાણીએ બંને હાથે તલવારો વીંઝવા માંડી. થોડા પઠાણ સરદારો, રઘુનાથસિંહ, રામચન્દ્રરાવ દેશમુખ વગેરે રાણી લક્ષ્મીબાઈની સાથે જ હતા. અંગ્રેજ લશ્કરે તેમને ઘેરી લીધા.

લોહીની ધારાઓ વહેવા લાગી. અંધકારના ઓળા ઊતરતા હતા, ત્યાં એક અંગ્રેજ સૈનિકે રાણીની છાતીમાં તલવાર ભોંકી જે રાણીને છાતીની સહેજ નીચે વાગી. રાણીએ વળતો જબ્બર પ્રહાર કર્યો ને સૈનિકને મોતને ઘાટ ઊતાર્યો. રાણીના શરીરમાંથી લોહી વહી રહ્યું હતું, પરંતુ આરામ કરવાનો સમય ન હતો. અંગ્રેજ લશ્કર તેનો પીછો કરી રહ્યું હતું. રાણી સ્વર્ણરેખાની નહેર ઓળંગવાની તૈયારીમાં હતી ત્યારે એક અંગ્રેજ સૈનિકે તેની જમણી જાંઘમાં ગોળી મારી. ડાબા હાથનો ઝાટકો મારી તે સૈનિકનો પણ રાણીએ અંત આણી દીધો.

રાણીના ઘોડાની પણ એક જાંઘ નકામી થઈ ગઈ હતી. પેટમાંથી લોહી વહી રહ્યું હતું. એક અંગ્રેજ સૈનિક ઝડપથી તેની પાછળ પડ્યો હતો. તેણે રાણીના જમણા ગાલને ચીરી નાખ્યો. રાણીની આંખનો ડોળો મરડાઈ ગયો. આટલી બધી ઘવાઈ હોવા છતાં પોતાના ડાબા હાથથી તલવાર વડે તેણે પેલા સૈનિકનો હાથ કાપી નાખ્યો.

રઘુનાથસિંહ અને રામચંદ્ર તેને તેના બાળક દામોદરરાવ સાથે બાબા ગંગાદાસના ઘરે લઈ આવ્યા.

બાબા ગંગાદાસે એ રૂપાળો પણ લોહી નીતરતો ચહેરો ધોયો. તેના મુખમાં પવિત્ર ગંગાજળ મૂક્યું. રાણીને થોડો કરાર વળ્યો. ધ્રૂજતા અવાજે તેણે હોઠ ફફડાવ્યા : 'હર હર મહાદેવ' ને પછી તે બેભાન થઈ ગઈ.

થોડી વાર પછી ઘણી મુશ્કેલીએ રાણીએ આંખો ખોલી ત્યારે તે ભગવદ્-ગીતાના એ શ્લોકો બોલવા લાગી, જે તેણે નાનપણમાં યાદ કર્યા હતા! ધીમે ધીમે અવાજ નબળો થતો ગયો. 'વાસુદેવ ! હું વંદન કરું છું,' – આ છેલ્લા શબ્દો સાથે ઝાંસીનું ભાવિ અસ્ત થઈ ગયું.

૨૨ વર્ષ અને ૭ મહિનાના અલ્પ આયુષ્યમાં રાણી લક્ષ્મીબાઈ અંધકારભરી રાત્રિમાં વીજળીના જેવો તેજલિસોટો પાથરી અદશ્ય થઈ ગઈ.

રાણી સાથે અનેક વાર યુદ્ધમાં ઊતરેલ જનરલ રોઝે પણ રાણીને આ

શબ્દોમાં અંજલિ આપી છે : 'બળવાખોરોમાં સૌથી વધુ બહાદુર અને મહાન સરદાર 'રાણી' જ હતી.'

रानी एक शत्रु बहुतेरे, होने लगे वार पर वार,
घायल होकर गिरी सिंहनी, उसे वीरगति पानी थी,
बुंदेले हर बोलों के मुँह हमने सुनी कहानी थी,
खूब लड़ी मर्दानी, वह तो झांसीवाली रानी थी !

કચ્છ-ભૂજનાં ઝમકુબા

ઈતિહાસકારો, ગુજરાતને સંસ્કારવામાં જેમના પ્રદાનને અજોડ ગણે છે એવા ભગવાન સ્વામિનારાયણે પણ એવાં મહાન સ્ત્રી-આદર્શોની અમૂલી ભેટ આપી હતી. તેમણે આપેલા સંસ્કારો ઝીલનાર વીર નારીઓમાં જે કેટલાંક નામ મોખરે છે, તેમાં એક નામ મોખરે ગણાય છે : ઝમકુબા !

વાગડના રાજવી કુટુંબમાં ખોડુભા અને વ્રજકુંવરબાનું આ એકમાત્ર સંતાન. બાળપણથી શુભસંસ્કારો વચ્ચે તેઓ ઊછર્યાં હતાં, પણ રાજસ્થાનથી ઉદેપુરના રાણાએ કન્યા માટે પુરોહિતો મોકલીને તપાસ કરાવી, તેમાં વાગડ-દરબારની દીકરી પર તેમની નજર ઠરી ગઈ. રાણાએ લગ્ન માટે પ્રસ્તાવ મોકલ્યો, પણ 'ઉદેપુરની રાણી થઈનેય જો અખાદ્ય ખાવું પડે, અને અપેય પીવું પડે, તો 'ધરમ' કેમ ટકે ?' આમ વિચારીને તેમણે રાણાને ના પાડી... રાણાને અપમાનની ઝાળ લાગી ગઈ, અમદાવાદના પેશ્વાઈ સૂબા દ્વારા ખોડુભાના કુટુંબ પર મિથ્યા આરોપ ઝીંકી રાજકીય ગુનાસર તેમને રાણાએ જેલમાં પૂરાવ્યા !

સહજાનંદ સ્વામીને આની જાણ થતાં જ રાજકીય વગ વાપરી તેમને મુક્ત કરાવ્યા, પણ સાથે સલાહ પણ આપી : 'તમે ઝમકુબાને ઉદેપુર પરણાવો. વિપત્તિ આવશે તો ભગવાન રક્ષા કરશે.'

અને એમ જ થયું. રાણાએ ઝમકુબાની સતામણી કરવામાં કોઈ કચાશ ન રાખી ! દારૂ અને માંસાહાર માટેનો એમનો દુરાગ્રહ મારપીટમાં પણ પરિણમતો. પણ ઝમકુબા અડગ રહેતાં.

એક વાર આવા જ દુઃખમાં તેમણે ચાર ઉપવાસ ખેંચી કાઢ્યા હતા... અંતે પ્રભુને પ્રાર્થના કરી મધરાતના સમયે મહેલના ઝરૂખે સાડીઓની ઝૂલ

બાંધી સડસડાટ નીચે ઊતરી પડ્યાં. અંધારે અંધારે જ કાઠિયાવાડની વાટ પકડી લીધી પણ રાણાને જાણ થતાં ચારેય દિશામાં ઘોડેસવારો છૂટ્યા. ઝમકુબાને એ વગડાની વાટમાં સંતાવાનું કોઈ ઉચિત સ્થાન ન જણાયું, આખરે, એક મરેલા ઊંટના હાડપિંજરમાં તેઓ છુપાઈ ગયાં... સૈન્યના માણસો હાથ ઘસતા પાછા વળ્યા, ત્યારે ઝમકુબાએ નદીમાં પુનઃ સ્નાન કરી એક વિપ્રનો સંગાથ મળતાં ગુજરાતની ખેપ કરવા માંડી...

સહજાનંદ સ્વામીને કારિયાણી ગામમાં મળ્યાં ત્યારે આંખમાં હર્ષનાં આંસુ ઊભરાઈ આવ્યાં... સહજાનંદ સ્વામીએ તેમની સદાચારની દૃઢતાને વખાણી, તેમની ભક્તિને પણ પ્રમાણી... આજીવન એમણે કચ્છ-ભૂજમાં 'માતાજી'ના નામે રહી તે સંપ્રદાયની અનન્ય સેવાઓ કરી આયખું સફળ બનાવી લીધું... પણ અન્યાય કે અધર્મ સામે કદાપિ નમતું ન જ જોખ્યું !

કંથકોટનાં રામબા

ભગવાન સ્વામિનારાયણનાં મોખરાનાં સ્ત્રી અનુયાયીઓમાં બીજું નામ રામબાનું લેવામાં આવે છે.

કચ્છના દરબારોના વિવાહ-સંબંધો આજથી બસો વર્ષ પૂર્વે સિંધમાં વસતા રાજવી પરિવારોમાં પણ થતા, પણ કંથકોટના ઠાકોર સાહેબ સંગ્રામસિંહે પોતાની બાળકન્યાનાં લગ્ન સિંધના મુસ્લિમ સૂબા સાથે માની લીધાં હતાં.

વેવિશાળ થયા પછી સંગ્રામસિંહને કચ્છમાં ફરતા સ્વામિનારાયણ સંપ્રદાયના સાધુઓ દ્વારા સહજાનંદ સ્વામીનો સત્સંગ થયો. બાળકન્યા રામબા હવે સમજણાં થઈ ચૂક્યાં હતાં. મુસ્લિમ રાજ પરિવારમાં પરણીને જવું એટલે શું ? – તેની તેમને પૂરેપૂરી કલ્પના હતી. અને તેમણે નિર્ણય કર્યો : મારો ધર્મ સચવાય, અને મારા પિતાને પણ કોઈ દુઃખનો ભોગ બનવું ન પડે એ માટે એક જ ઉપાય છે : અફીણ ઘોળીને પી જવું !

તેમણે તાંસળીમાં અફીણ ઘોળ્યું અને પ્રાર્થના કરી : 'હે ભગવાન ! મારી લાજ રાખજો. જે ઘરમાં જઈને ધર્મભ્રષ્ટ થવાનું હોય તે ઘરે જવા કરતાં આપઘાત કરવાનું વધારે પસંદ કરું છું, તો ક્ષમા કરી આપના ખોળે સ્વીકારી લેજો !'

અને જ્યાં અફીણની તાંસળી મોંએ અડાડી ત્યાં પ્રભુએ દર્શન દીધાં.

કહ્યું : 'તમે ચિંતા ન કરો, તમારી રક્ષા થશે... તમે સાસરે જાઓ અને અણી-શુદ્ધ પાછાં આવશો !'

રામબાને હૈયે આનંદના ઓઘ વળ્યા. તેઓ સાસરે પહોંચ્યાં, પણ ચાર દિવસ ને પાંચ રાતના સળંગ ઉપવાસ કર્યા. ભગવાને પ્રાર્થના સાંભળી હોય તેમ મુસ્લિમ પરિવારના અંતરમાં શુભ પ્રેરણા થઈ. અને સૌ રામબાની અવિચળ ટેક અને અપ્રતીમ ભક્તિ જોઈ તેમને પાછા કંથકોટ મૂકી ગયા... રામબાએ પોતાની સાથે આવેલું સ્ત્રી-દ્રવ્ય સંપ્રદાયના વિકાસની સેવામાં અર્પણ કરી દીધું... પણ તેમની દઢતા જોઈ ભગવાને લેશમાત્ર આંચ આવવા ન દીધી !

આવાં આવાં નારીરત્નોની હારમાળા તે સમયના ઇતિહાસ-કોષમાં ઝગારા મારી રહી છે. જેમાં અમર નામો છે : લાડુબા, જીવુબા, રાજબા, મૂળીબાઈ, વજીબા, રાઈબા, ગંગાબા અને એવાં તો કંઇ કેટલાંય...

હા, રુક્મિણીનો પતિપ્રેમ, દ્રૌપદીની પતિપરાયણતા, અહલ્યાનું સતીત્વ, સીતાનું બલિદાન, અરુંધતીનું દેવત્વ, ગાર્ગી અને મૈત્રેયીની અનાસક્તિ, કૈકેયીની શૂરતા અને ધીરતા, મીરાંની ભક્તિ, પદ્મિનીનું જૌહર, લક્ષ્મીબાઈની દેશદાઝ, કિરણમયીની તલવાર, તારાદેવીની કટાર, કર્મદેવીનું બળ અને પૌરુષ – આ બધું કોઈ કલ્પનાના ગુબ્બારા નથી...

ભારતના રાષ્ટ્રીય ઇતિહાસનાં એ જીવંત પૃષ્ઠો છે, જે આજે પણ એ નારીઓના સમર્પણ, શૂરતા અને શીલથી ઝળહળતા જીવનથી આપણી કન્યાઓમાં વીજળી સમી તેજસ્વિતાનું સિંચન કરે છે.

સિસેરોએ ૨૧૦૦ વર્ષ પહેલાં કહેલું આ વિધાન બરાબર ઘૂંટી રાખવા જેવું છે : 'જે પ્રજા એના જન્મ પહેલાંની વાત નથી જાણતી, તે હંમેશાં બાળક રહી જાય છે.' એટલે કે ઇતિહાસ જાણ્યા વિના માણસ અબૂધ અને અપરિપક્વ રહી જાય છે !

હા, કાળના પ્રવાહમાં એકાદ લક્ષ્મીબાઈ કે એકાદ મહાસતીજી જન્મી જાય છે, એના દેહનો દીવો તો બુઝાઈ જાય છે, પણ એમણે રોપેલાં વિચારનાં બીજને કાળની આંગળી ક્યારેય અડી શકતી નથી. વિચારો, દેશદાઝ, સિદ્ધાંતો અને વતનપરસ્તી જીવતા રહે છે.

એક પ્રામાણિક વિચારનો, એક સત્ય ખાતરના બલિદાનનો, એક

સંસ્કૃતિને વરેલા સિદ્ધાંતનો તણખો જરૂરથી પરિણામકારી બની શકે છે... અને ત્યારે તે વિચાર અનિષ્ટોને સળગાવી દેનાર દાવાનળ બનીને ફેલાઈ જાય છે. હીન વિચારોવાળી અપવિત્ર વિચારધારા ભારતના ઈષ્ટને સળગાવી મૂકનાર જ્વાળામુખી બની જાય તે પહેલાં આપણો હિન્દુ સમાજ જાગશે ખરો?

હિન્દુત્વના ભવ્ય વારસાની ગળથૂથી

એક વાર અંધેરી(મુંબઈ)ના 'જૈન સોશિયલ ગ્રૂપ' દ્વારા એક પ્રચાર-પત્રિકાનું વિતરણ કરાયું, જેમાં દર્શાવ્યું હતું કે સંસ્થાએ 'જૈન પર્સનાલિટી કોન્ટેસ્ટ'નું આયોજન કર્યું છે, જેમાં જૈન યુવાનો-યુવતીઓને 'જૈન પ્રિન્સ' અને 'જૈન પ્રિન્સેસ'ના ખિતાબથી 'વિભૂષિત' કરવામાં આવશે !

અને પ્રસિદ્ધ જૈનાચાર્ય ચન્દ્રશેખરવિજયજીનો પુણ્યપ્રકોપ ફાટી નીકળ્યો :

'ખબરદાર ! જો આવા કાર્યક્રમો યોજ્યા તો ! આ એક પ્રકારની સૌંદર્ય સ્પર્ધા જ છે, જે જૈન કુમારિકાઓનાં પવિત્ર શીલમય જીવનને ભ્રષ્ટ કરવાનો પેંતરો છે. જેનાથી યુવકો-યુવતીઓને ગ્લેમરના ગંદા ક્ષેત્રમાં ધકેલવાનો પથ કંડારાઈ રહ્યો છે. 'જૈન સોશિયલ ગ્રૂપ' અને 'જૈન જાગૃતિ સેન્ટરો' ધર્મના સિદ્ધાંતો, મૂલ્યો અને મર્યાદાની ઘોર ખોદવાના કાર્યક્રમોને વગર વિચાર્યે ટેકો આપી રહ્યાં છે. આ દુઃખદ ઘટના છે...

'જો આવી સંસ્થાવાળાઓ આવા કાર્યક્રમો બંધ નહીં કરે, તો અમે વધુ જોરથી રાડો પાડીશું. અમારો અવાજ બુલંદ છે. આ સંસ્થાઓ ધર્મના સિદ્ધાંતો પ્રમાણે જ ચાલવી જોઈએ. ધર્મના નામે ધતિંગો થાય તે નહીં ચલાવી લેવાય! અમે ધર્મના રક્ષકો છીએ, રખેવાળો છીએ. એટલે જ અમે સંસ્કૃતિ ટકાવવા જહેમત ઉઠાવતા રહીશું...' (મુક્તિદૂત, એપ્રિલ – ૨૦૦૨)

હા, ધર્મના સંસ્કારો માટે જાગ્રત આવા કેટલાય સંતો-મહાત્માઓ ચિંતિત છે, પણ શું માતા-પિતા ખરા અર્થમાં સજાગ છે ખરાં ? શું તમે ક્યારેય દીકરા-દીકરીઓને ગ્રંથોની અને સંતોની મહત્તા સમજાવી ? 'મંદિરો તો પથરાના ઢગલા છે, એ કરતાં તો સંડાસો બાંધવા સારાં ! મૂતરડીઓ બાંધવી સારી...' આવાં આવાં વિધાનો ઘર-ઘરની ચર્ચાઓમાં આપણા હિન્દુ બાંધવો જ જાણે કે અજાણે, રાગદ્વેષથી કે માત્ર સૂચન ખાતર પણ બોલતાં રહે છે, ત્યારે બાળક-બાલિકાઓનાં કુમળા માનસ પર મંદિરો પ્રત્યે પૂર્વગ્રહની

આંટીઓ બંધાવા લાગે છે. આ નજરે જોયેલા પ્રસંગોનું સત્ય છે ! શું તમે આ આર્યાવર્તમાં જન્મેલી તમારી દીકરીને હિન્દુત્વને વફાદાર રહેવાના પાઠ કે સીતા સમી સ્ત્રીઓના સતીત્વની વાત સમજાવી છે ?

ગુજરાતના વરિષ્ઠ સંતોની વાણીઓમાંથી તારવેલી થોડી સંતવાણી અહીં સાભાર પ્રસ્તુત છે :

'દીકરા-દીકરીઓને પહેલાં તો ફળિયામાં બેસાડી દાદા-દાદી રામાયણ, મહાભારતની અને ભારતના ઉચ્ચ મહાનુભાવોનાં ચરિત્રોની વાતો કરતાં. આજે એ સ્થાન ટી.વી.ની વિકૃતિએ લીધું છે.'

'સાંજ પડે હિન્દુત્વના ભવ્ય વારસાની થોડી વાત દરેક કુટુંબદીઠ કેમ ન થઈ શકે ? દીકરાઓ અને દીકરીઓ જાતે જ અવતારો, ઋષિઓના પ્રસંગો વાંચે તો આખા કુટુંબને પ્રેરણા મળે, અને ચારિત્ર્ય, પવિત્રતા, સાદાઈ અને સંયમ જેવા ગુણો દરેકને પ્રાપ્ત થાય.'

સમાજ વચ્ચે રહીને સમાજની સેવામાં પોતાનું આયખું ધરી દેનાર સંતોની અનુભવવાણી વિરલ છે.

એક વરિષ્ઠ સંત કહે છે : 'બાળકને ગળથૂથીમાંથી જ હિન્દુત્વના પાઠ ભણાવો. નહીં તો સંસ્કારહીન પ્રજા નિર્વીર્ય અને નપુંસક પેદા થશે. એ પ્રજા કોન્વેન્ટમાં ભણશે અને સંતોની, શાસ્ત્રોની, મંદિરોની ને મૂર્તિપૂજાની પણ મશ્કરી કરશે. આપણાં દીકરા-દીકરીઓને સમજાવો કે સામાન્ય પ્રલોભનોમાં ખેંચાઈ જઈને આપણા અવતારો અને ઋષિઓએ જે આપ્યું છે તે ખોઈ ન નાખે !'

સંતોની વાણીમાં જે ચિંતા ડોકાઈ રહી છે, એ જ ચિંતા ગાંધીજી 'ધર્મ-મંથન' પુસ્તકમાં પોતાની ગંભીર શૈલીમાં વ્યક્ત કરે છે :

'મને મોટામાં મોટું દુઃખ એ છે કે આપણા વિદ્યાર્થીઓમાં (વિદ્યાર્થિનીઓમાં પણ) નાસ્તિકતા વધતી જાય છે. ધર્મમાં શ્રદ્ધા ઘટતી જાય છે. હું હિન્દુ વિદ્યાર્થીઓને મળું છું, ત્યારે કહું છું : 'તું રામનામ લે !' તો કહે છે : 'રામ કોણ ? વિષ્ણુ કોણ ? તેની મને ખબર નથી !' આવી ઈશ્વરથી વિમુખ થઈને ભણેલી વિદ્યા આપણું - આ દેશનું શું ભલું કરવાની હતી ? જગતનું શું ભલું કરવાની હતી ?...'

દેશની સ્વતંત્રતાના ૫૫ વર્ષ પછી પણ આપણે ગમગીનીના એ

જ કિનારે ઊભા રહેવાનું આવ્યું છે. શું આ છે સ્વતંત્ર ભારતનાં સંપન્ન માતા-પિતાની સફળતા ? આ જ આપણે સિદ્ધ કર્યું છે ?

બસ, હવેથી આટલું અવશ્ય કરીશું, તેવી પ્રતિજ્ઞા કરીએ :

- રોજ પરિવારને સાથે બેસાડીને વીસેક મિનિટ હિન્દુ શાસ્ત્રો કે સંસ્કૃતિ-સદાચાર વર્ધક પુસ્તકોનું વાચન કરીશું...
- એવાં પુસ્તકો ઘરમાં રાખીશું કે જે શૂરતા, ધીરતા અને પવિત્રતા પ્રેરતાં હોય...
- નજીકનાં મંદિરોમાં માત્ર આંટો દેવા જ નહીં જઈએ, પ્રત્યેક ધર્મ-વિધિના રહસ્યને પામવા અનુભવીને પ્રશ્નો પૂછીને શંકાઓ ઉકેલતા રહીશું...
- 'હિન્દુત્વને હું આજીવન વફાદાર રહીશ', આવી પ્રતિજ્ઞા બાળકો-બાલિકાઓને રોજ ઘુંટાવીશું...
- બધા જ હિન્દુ મારા 'બંધુ' છે એવો ભાવ પ્રગટાવીશું...
- મંદિરો તથા સાધુ-સંતોની સેવા માટે શારીરિક શ્રમનું યોગદાન આપવાથી ધર્મસ્થાનો અને તીર્થો પ્રત્યે અત્યંત મમત્વ બંધાય છે. એમાંય સેવામાં જઈએ ત્યારે દીકરીઓને સાથે જ લેતા જઈશું...

જો આટલું નહીં થાય ને ભલે કદાચ તમારા દીકરા-દીકરીઓ મુસ્લિમ કે ખ્રિસ્તી ન પણ બને, પણ યાદ રહે, એ સાચો, અસ્મિતાથી હર્યો-ભર્યો હિન્દુ પણ નહીં બને ! અને જો કદાચ દીકરી વિધર્મી યુવાનોના હાથનું રમકડું બની, તો યાદ રહે, એ માત્ર કટ્ટર પરધર્મીઓને પેદા કરવાનું જીવંત મશીન જ નહીં બને, પરંતુ આપણા ધર્મ, સંસ્કૃતિ અને રાષ્ટ્રના દુશ્મનો વધારવાનું દુઃખદાયી કારણ પણ બનશે !

આવનારો સમય આ બધું જ પુરવાર કરશે, પછી રડવાનો વારો મહા-જાતિ હિન્દુ પ્રજાનો છે ! આત્મહત્યાઓનો વારો આપણી દીકરીઓનો છે... અને આપણે અને બાકી રહેલા બીજા આપણા જેવા કાચા-પોચા હિન્દુઓએ વટલાવાનો વારો છે, આપણી જ દીકરીઓએ મુસ્લિમો દ્વારા જણેલા કટ્ટર ઝનૂનવાદીઓના અત્યાચારથી !

શું આ પરિસ્થિતિ માત્ર ઈંગ્લૅન્ડ, અમેરિકાનાં શહેરોમાં કે દિલ્હી - મુંબઈ - બેંગ્લોર જેવાં મેટ્રોપોલિટન શહેરોના ઘરમાં જ બને છે ? બોરસદ અને

પેટલાદમાં આવા કિસ્સાઓ બની ચૂક્યા છે, બારડોલી અને સાવરકુંડલાની યુવતીઓ ભ્રષ્ટ થઈ ચૂકી છે. આ રેલો આપણા ઘરમાં ગમે તે ક્ષણે પ્રવેશી શકે છે. આપણને, આપણા કુટુંબને અને આપણી શાંતિને આપણા જ દેશમાં - ગામમાં - વતનમાં તબાહ કરવા તેનું આક્રમણ સંપૂર્ણ તૈયાર છે !

૩. બે આર્યકન્યાઓની આપવીતી તેમના જ શબ્દોમાં

આજે કરોડો રૂપિયાના બજેટની ફિલ્મો બને છે. છેલ્લાં ઘણાં વર્ષોથી હાજી મસ્તાન કે દાઉદ જેવા અસામાજિકો ફિલ્મોમાં કરોડો રૂપિયા રોકે છે. યોજનાપૂર્વક તેમાં હિન્દુ મંદિરોના પૂજારીઓ અને સાધુઓને ભ્રષ્ટ બતાવે છે. મૌલવી - પાદરીઓને સારા બતાવી સમાજમાં હિન્દુઓની છાપ ઊતરતી કરી બતાવવામાં વિધર્મીઓએ સફળતા મેળવી છે.

ફિલ્મોમાં મુસ્લિમ હીરોના હાથમાં રમતી હિન્દુ યુવતીઓને જોનારી આપણી પુત્રીઓ શાળા-કૉલેજોમાંની બિન્ધાસ્ત રીતે એની ચર્ચાઓ કરતી થઈ છે. આવાં અનેક કારણોને લીધે કૌટુંબિક મર્યાદા અને હિન્દુત્વ સાથેની વફાદારીનાં બંધન આપણી જાણ બહાર ધીમે ધીમે ઓગળતાં રહ્યાં છે. હિન્દુઓ જેવાં જ નામ રાખનારા અને ઉધારિયા મોટર બાઈક સાથે વટના કટકા થઈને ફરનારા, મજબૂત બાંધાના મુસ્લિમ છોકરાઓ આપણી પાગલ છોકરીઓને એવાં સોનેરી સ્વપ્નો દેખાડે છે, કે આ કન્યાઓ આખરે એના આખા કુટુંબને, અરે, આખા ભારતની હિન્દુ પરંપરાને લાત મારીને, પોતાના કિલ્લોલતા કુટુંબને ખેદાન મેદાન કરીને ચાલતી થાય છે ! આખરે એ મોહનિદ્રા તૂટે છે, અને વાસ્તવિકતાનું ભાન થાય છે, ત્યારે નથી એનાં કોઈ મા-બાપ રહ્યાં હોતાં, નથી એની કોઈ ઈજ્જત - આબરૂ કે પ્રતિષ્ઠા રહી હોતી! બસ, ત્રીજી કે ચોથી પત્ની તરીકે તેને એક 'ભોગ્યા' તરીકે જીવન પસાર કરી નાખવાનું બાકી રહે છે, કાં તો પછી કોઈ કૂવા કે કેરોસીનના ડબ્બાનો સહારો લઈ જિંદગી ટુંકાવી નાખવી પડે છે. અહીં સાચાં બે જીવતાં છતાં મૃત પાત્રોની સત્ય વ્યથા - કથા બે પત્રો દ્વારા આપવામાં આવી છે, જે પત્રો હિન્દુ યુવતીઓ અને મા-બાપની આંખો ઉઘાડવા પૂરતા છે !

(૧)

વાંચો એક શીખ યુવતી કિરણ કૌર મહાલની આ દાસ્તાન ! 'નેશનલ સ્ટુડન્ટ્સ ફોરમ' નામે યુ.કે.માં ચાલતી સંસ્થાના 'હમ' સામયિકમાં પોતાની આપવીતી લખતાં આપણી આ દીકરી લખે છે :

'આ પત્ર લખવાનો મારો ઉદ્દેશ્ય એટલો જ છે, કે મુસલમાન યુવાનોની ભયાનક માનસિકતાનો મારી બહેનોને પરિચય થાય ! એનો સામનો કરવાની સમજ પડે. તમે ન જાણતા હો તો જાણી લો કે એક મુસલમાન છોકરો શીખ કે હિન્દુ યુવતીને પરણી લાવે તો યુ.એ.ઈ.ના પેટ્રોડોલર્સના ફંડમાંથી તેને ૨૦૦૦ પાઉન્ડની તગડી રકમ ભેટ આપવામાં આવે છે. (આ વાત છે ૧૯૯૬ની. હવે ૫,૦૦૦ પાઉન્ડ અપાતા હોવાના અહેવાલો છે.)

'મારી નિર્દોષ બહેનો ! તમારી કલ્પનાનો તમારો માણીગર તમને પ્રારંભના દિવસોમાં તો સ્વર્ગનો જ અનુભવ કરાવશે. પણ જાણો, કે એ ધર્મ તમારો પોતાનો નથી. એટલે તેના કુટુંબની જીવનશૈલીમાં તમે ક્યારેય 'સેટ' નહીં થઈ શકો... અને હા, તમારા ખ્રિસ્તી કે મુસલમાન યુવાનને પરણી જવાના નિર્ણય પછી તમારાં મા-બાપ ક્યારેય તમને ભેટીને એમ નહીં કહે : 'બેટી, શાબાશ !'

'અને વળી એ જરૂર વિચારજો કે હું જે ઘડીએ મુસલમાન બનીશ તે ઘડીથી જ મારા ઘરમાં સામૂહિક આઘાતની ભયાનક યંત્રણા શરૂ થશે !'

'બેટીઓ ! એ વાસ્તવિક છે કે તમારી કલ્પનાનો રાજકુમાર તમારો નહીં જ રહે ! કેમ કે હું આપણી એવી કેટલીયે હિન્દુ બહેનોને જાણું છું કે જેની જિંદગી મુસલમાન યુવકોને કારણે આજે ઝેર કરતાંયે કડવી અને નરક કરતાંયે બદતર થઈ ચૂકી છે !'

'તમે તમારા પ્રિયતમને ચાહો છો, તેમાં મને જરાય શંકા નથી, પણ તેની સાથે લગ્ન કરવાં એ શું વધારે પડતું નથી ? કરુણતા એ છે કે એવી જેટલી હિન્દુ કન્યાઓને હું મળી છું, તેમાં કોઈ જ મુસ્લિમ છોકરાએ સામે તમારા જેવું જ બલિદાન આપવાની તૈયારી બતાવી હોય, તેવું જોયું નથી ! એટલે કે તમારે માટે તેની હિન્દુ થવાની ધગશ હોય, તેવું સમર્પણ જોયું નથી !

'આપણે હિન્દુઓ સહિષ્ણુ છીએ, તેનો અર્થ એ નથી કે આપણે તેના

ધર્મના ગુલામ થઈ જવું ! પૂછી જુઓ તમારી જાતને ! કે તમે તેને માટે જે કરવા તૈયાર છો, તે તમારે માટે કરવા તૈયાર થશે ? ના ! કદાપિ નહીં ! તો એવા નર્કના કુંડમાંથી જલદીથી યુ-ટર્ન લઈને ભાગી છૂટો !

'...હવેનો સમય છે આપણે આપણા ધર્મના ગૌરવને જાળવી રાખવાનો ! તમે એનો અર્થ એવો રખે માની બેસતા, કે આખી જિંદગી માળા ફેરવવાની છે ! પણ ધર્મના ગૌરવનો અર્થ છે : ઘેટાંના ટોળામાં ન ભળવાનો ! જે ગાડરિયો પ્રવાહ છે, તેમાંથી બચી નીકળવાનો, અને ગૌરવભેર જીવન જીવવાની શક્તિ પ્રાપ્ત કરવાનો !

'હવે હું 'તમને' કહેવાનું બંધ કરું છું. સીધી 'તને' અને માત્ર તને જ વાત કરું છું. જો તારે પડવું જ હોય તો એ અહિન્દુ છોકરાની જાળમાં જરૂર કૂદી પડજે ! ભરયુવાનીમાં જિંદગીના મધ્યાહ્નને નર્કની યાતના ભોગવવા માટે! તું તારું કુટુંબ છોડે છે, અરે ! તારો સમાજ છોડે છે, શા માટે ? સુખ માટે? તો મને લાગે છે, કે તે તું ક્યારેય નહીં પામી શકે !

'તું તેની વટલાયેલી પત્ની થઈને તેના ઘરમાં જઈશ, ત્યારે તેના વાલીઓ શું તારી પર દીકરીની જેમ વહાલ વરસાવશે ? તું એમ માનતી હોય તો ભૂલી જજે ! મને અનુભવ છે, કે એ લોકો તને પોતાના દીકરાની એક વેશ્યા તરીકે જ જોશે ! તું અનુભવીશ કે તે લોકોમાંના ઘણા એમ જ માનતા હશે, કે તેં - હિન્દુ કન્યાએ એમના મુસ્લિમ દીકરાની પાછળ પડીને એમના મુસ્લિમ કુટુંબની લાજ લીધી છે... પણ આ બધું તે લોકો જાહેરમાં નહીં બોલે, તેમને હિન્દુને વટલાવવાનો યશ જોઈએ છે ને ! અને મુસ્લિમ વિશ્વ પાસેથી તારા નામે પૈસા પણ પડાવવાના છે ને !

'હા, તેઓ તને જરૂર એક ગુલામડી તરીકે ખવડાવશે, પિવડાવશે અને તને કટ્ટર મુસ્લિમો પેદા કરવાનું મશીન બનાવી દેશે !

'તું મોહનિદ્રામાંથી જ્યારે અચાનક જાગીશ, ત્યારે તારી ઉંમરનાં ૪૦ વર્ષ તો વીતી ગયાં હશે. ને તું તારા ગુલામખાનાના ('ઘરના' નહીં) ખૂણે આક્રંદ કરતી હશે, ત્યારે તારાં હિન્દુ પિયરિયાંઓ ક્યાં હશે ? (થોડી ક્ષણો વિચારી તો લે, કે તારું હિન્દુ કુટુંબ વીસેક વર્ષ પછી કેવી સ્થિતિમાં હશે ! કે જે કુટુંબ સાથે તારે હવે બોલવા જેટલો વહેવાર પણ નથી રહ્યો !) અને હા! એ માટે તો તારાં 'સરસ' સાસુને તું સલામ મારજે કે જેની રોજની ચડવણીથી

તારાં જ સંતાનો તને દિલથી ધિક્કારતા હશે !...

'હવે તું આંધળુકિયાં કરી 'પ્રેમરોગ'ના નામે કૂદી પડે, તે પહેલાં થોભજે ! અને વિચારી લેજે કે તારે આ ટૂંકી, સુંદર જિંદગીમાં આવી પરિસ્થિતિ જોઈએ જ છે ? જેવી પરિસ્થિતિમાંથી હું પસાર થઈ ચૂકી છું... મારી બહેન ! તારી જિંદગીને પરમાત્મા સુરક્ષિત રાખે !...'

(૨)

આ શીખ કન્યા – કિરણ કૌરના દર્દભર્યા પત્રની સાથે જ પ્રતિભા ભાંભરી નામે કોલકતાની આ કન્યાનો પત્ર પણ વાંચી લઈએ... હિલેરી કિલન્ટન જે સામયિકમાં પોતાની કોલમ લખે છે, તે 'Indian Post' નામે સામયિકમાં લખવાની પ્રતિભા ભાંભરીને ઘણી હોંશ હતી, પણ તેની જિંદગી ટુંપાઈ ગઈ, આવા જ એક મુસ્લિમ યુવાનના હાથે !

આખરે તેણે પોતાની આપવીતી આ સામયિકને લખી મોકલી. પ્રતિભા લખે છે :

'સ્કૂલ સમયની મારી જિંદગી કેટલી રમણીય અને આનંદિત હતી ! પણ સ્કૂલ છોડ્યા પછી મેં એક ભયંકર ભૂલ કરી. 'પ્રેમ'ના વેગમાં આંધળુકિયું કર્યું. ધ્રુસકે ને ધ્રુસકે રડતાં મારાં મા-બાપ મારી મહેરબાનીઓ માગતાં રહ્યાં, અને મેં એક બાંગ્લાદેશી મુસલમાનને મારી જાત સોંપી દીધી ! નિકાહ પઢી લીધા, ત્યારે મને સહેજ પણ ખ્યાલ નહોતો, કે હું મારા મહાન હિન્દુ ધર્મની સ્વતંત્ર અને મુક્ત સંસ્કૃતિ છોડી તેને લજવી રહી છું ! તેની ભવ્ય - દિવ્ય પરંપરા પર હું પ્રહાર કરી રહી છું ! હિન્દુ ધર્મની ભલમનસાઈનો આ મેં ખરાબમાં ખરાબ દુરુપયોગ કર્યો છે !

'બંબૈયા' ફિલ્મોની મારા મન ઉપરની અસર હવે મને સમજાય છે ! ફિલ્મોની હીરોઈનોની નકલ કરી આ ખાન કે તે ખાન સાથે પરણીને મારા જેવી સેંકડો હિન્દુ છોકરીઓને મુસલમાનોની બેડી પહેરાવી દેવાઈ છે. આવા ભૂંડામાં ભૂંડા 'આદર્શો' પૂરા પાડતી આ હીરોઈનો હિન્દુ કન્યાઓની માનસિકતા વટલાવી નાખવા માટે દેશની ખતરનાક દુશ્મન સાબિત થઈ રહી છે ! મને જાણ છે કે આ બધા જ અત્યાચારોની પાછળ મધ્ય-પૂર્વના દેશોમાંથી આવતા પેટ્રોડૉલર્સ જ કામ કરી રહ્યા છે !

'મારા પૂર્વ પતિએ અને તેના મુસ્લિમ કુટુંબે શરૂઆત કેવી રીતે કરી? મારો સુંદર હિન્દુ પહેરવેશ અને હિન્દુ રીત-રિવાજોની પહેલાં તો રોજેરોજ ખોડ-ખાંપણ કાઢવામાં આવતી. ધીરે ધીરે દબાણ વધતું ગયું. મને કહેવામાં આવ્યું કે તું ધર્મ બદલ ! હવે મને ખ્યાલ આવ્યો કે હું બૂરી રીતે ફસાઈ છું. કારણ કે હવે મને મારું હિન્દુ કુટુંબ પણ સ્વીકારશે નહીં. ને કોઈ હિન્દુ સાથેનું લગ્ન પણ હવે લગભગ અશક્ય બનશે !

'મારાં સાસુ-સસરા મારો સહેજ પણ પીછો છોડતાં નહીં. મારી હાલત જેલના કેદી જેવી હતી. આખરે દબાણને વશ થઈને મજબૂરીથી મારું નામ, મારો ધર્મ અને મારો હિન્દુ પહેરવેશ મારે છોડવાં જ પડ્યાં ! પણ એટલેથી વાત પૂરી ન થઈ !

'મારા પતિની બહેન એક શીખ યુવાન સાથે ફરતી, તેનાથી ઘરનાં સૌ મારી ઉપર અને મારાં પિયરિયાં ઉપર આક્ષેપબાજી કરવા લાગ્યાં કે તેં જ આને શીખના રવાડે ચડાવી છે ! હું ના પાડું તો મને અને મારી નણંદને ક્રૂર રીતે ફટકારતા. આથી હું કકળી ઊઠતી. ને એ લોકોના દ્વિમુખી વલણ સામે જ્યારે હું તેમની સામે પડી ત્યારે સૌનો ક્રોધ સાતમે આસમાને પહોંચી ગયો. મારી પર ભયંકર અત્યાચારો થયા. મેં છૂટાછેડાનો કેસ ફાઈલ કર્યો.

'આજે મારા પસ્તાવાનો કોઈ પાર નથી. મને ક્ષણે ક્ષણે વિચારો આવ્યા કરે છે કે મેં હિન્દુત્વ શા માટે છોડ્યું હતું ? મને હિન્દુત્વના ઇતિહાસની લેશમાત્ર ખબર ન હતી. હિન્દુ દેવતાઓ, અવતારો, ઋષિઓ, ઋષિકન્યાઓ, હિન્દુઓએ કરેલાં યુદ્ધોમાં તેમની જીત અને હિન્દુઓ ઉપર મુસ્લિમ શાસકોએ કરલા સામૂહિક અત્યાચારો - સંહારોની મને કોઈ જાણ જ ન હતી.'

'ધર્મ એટલે હું માત્ર એટલું જ સમજતી કે મંદિરે જવું, આરતી ગાવી, પ્રસાદ લેવો ને વર્ષમાં એક વાર નવરાત્રિએ દુર્ગા માતા સામે થોડું નાચી લેવું; પણ હવે મેં હિન્દુત્વનો પૂરો અભ્યાસ કરવા માંડ્યો છે. એટલા માટે કે મારા જેવું આંધળુકિયું કરી, મારી જ હિન્દુ બહેનો મુસ્લિમોના હાથનું રમકડું ન બની જાય !'

'આ પછી મેં હિન્દુ મંદિરો અને સંગઠનો વગેરેમાં હિન્દુ જાગૃતિ અંગે પ્રવચનો કરવાનો પ્રારંભ કર્યો. જેમાં હું આવા વિષયો ઉપર વિશેષ ચર્ચા કરતી, જેમ કે : યૌવન અને લગ્ન, બમ્બૈયા ફિલ્મોમાં બતાવાતી હિન્દુત્વની

હીનતા !

'મેં ભારતીય લોકનૃત્યોના વર્ગો પણ શરૂ કર્યા, ચર્ચાઓ પણ શરૂ કરાવી. મારે એ માટે એક-એક વ્યક્તિ પાસે અને એક એક કુટુંબ સામે જઈને આ સેવા કરવા મહેનત કરવી પડી.'

'વાલીઓને આ અંગે મારી એટલી જ ભલામણ છે કે તમે પણ હિન્દુ તત્ત્વજ્ઞાન વાંચો ! ધાર્મિક મહાપુરુષોનાં જીવન વાંચો. સંતાનોને પાસે બેસાડી તેનું જ્ઞાન આપો. છોકરીઓ સાથે નાની ઉંમરથી જ ધર્મ અને લગ્નની ચર્ચા કરવી જોઈએ, તેમ હું દૃઢપણે માનું છું અને હા, દીકરીઓને હિન્દુ છોકરા સાથે સંબંધો વિકસાવવામાં આડાં રોડાં ન નાખો. નહીં તો એ અવશ્ય બીજે - એટલે કે મુસલમાનો પાસે જવાની છે.

'અમને અંદરની ચર્ચાઓમાં જાણવા મળ્યું છે કે મુસલમાન છોકરાઓ હિન્દુ યુવતીઓ સાથેનો સંપર્ક વધારવા પોતાની બહેનોને માધ્યમ બનાવે છે. પછી સંબંધોની જાળમાં ફસાવે છે અને આ માટે મુસ્લિમ વિશ્વ એને પૈસા પણ પૂરા પાડે છે !

'મને દુઃખ તો એનું પણ છે કે છોકરાઓ સાથે ફિલ્મની અંદર પણ મુસ્લિમ છોકરીને હિન્દુ હીરો પરણે તે મુસ્લિમો સહન કરી શકતા નથી, ને આપણા હિન્દુ યુવાનો મુસલમાન છોકરાઓ દ્વારા હિન્દુ કન્યાઓની વાસ્તવમાં થતી મશ્કરી અને સતામણી જોઈને પણ બાયલાની જેમ ભાગી જાય છે !

'ક્યાં ગયું શિવાજી અને મહારાણા પ્રતાપનું હીર ? ક્યાં ગઈ વિવેકાનંદની ગર્જનાઓ ?

'મારી વહાલી બહેન ! જ્યારે કોઈ મુસલમાન છોકરો તારી સાથે થોડો હળે મળે, ને કહે : 'શું તારું રૂપ છે ! તું તો આ પૃથ્વી પર અવતરેલી હૂર (અપ્સરા) છે !' ત્યારે તું તાત્કાલિક જાગ્રત થઈ જજે ! કારણ કે એ મુસલમાન તારા રૂપનાં વખાણ નથી કરતો ! એ તો પોતાના મુલ્લાઓના ફતવાનું પાલન કરતો હોય છે કે કાફર સ્ત્રીઓને પકડીને, ઝૂંટવીને, ફોસલાવીને કે ગમે તે કરીને તેને કોઈ પણ ભોગે મુસલમાન બનાવો ! આવાં ફરમાનો પાર પાડવા માટે જ તે તારી પાસે આવી પહોંચ્યો છે ! આ વાત હું મારા દુઃખને કારણે નથી કરતી, પણ યુનિવર્સિટીના મુસલમાન છોકરાઓ માટે ખાસ પ્રકારના

ફતવાઓની પત્રિકાઓમાં મેં જે કાંઈ વાંચ્યું છે, તેમાં સ્પષ્ટ લખ્યું જ છે કે ખ્રિસ્તી, શીખ, હિન્દુ કન્યાઓને ધર્માંતરનું નિશાન બનાવો ! એમાંય ખાસ કરીને શીખ કન્યાઓની તો પાછળ પડી જાઓ !

'માત્ર ભારત કે ઈંગ્લૅન્ડની જ નહીં, દુનિયાભરમાં બધે જ વસતી હિન્દુ છોકરીઓમાં પોતાનું ગૌરવ, પોતાના ધર્મનું ગૌરવ જગાડવું અત્યંત આવશ્યક છે. જો કોઈ ઇતરધર્મી તમને લગ્ન માટે ધર્મ બદલવા સૂચન કરે તો તેના બદલે પહેલાં તેને જ હિન્દુ થઈ જવાની વાત દઢતાથી કરી દેવી જોઈએ. તેના પ્રેમના દંભનો પર્દાફાશ કાચી સેકન્ડમાં જ થઈ જશે !

કેટલાક પ્રશ્નોના ઉત્તરો શોધવા આત્મમંથન શરૂ કરો :

- મા-બાપથી દૂર, ગર્લ્સ હૉસ્ટેલોમાં રહેવાની તમારી સ્વતંત્રતામાં તમે કુટુંબ, મા-બાપ, ધર્મ અને હિન્દુત્વને કેવી રીતે વફાદાર રહી શકશો?
- ઇતરધર્મી છોકરાઓના છૂપા આશયોને તમે કેવી રીતે પારખી શકશો? અને નકારી શકશો ?
- જ્ઞાતિ, ભાષા, પ્રાંતના ઝઘડા ઊભા કરી વિદ્યાર્થીઓને ફાવવા દઈશું કે પછી દરેક હિન્દુઓ સાથે 'બંધુ'ની જેમ વર્તીશું ?
- શીલ અને શૂરતામાં ઉચ્ચતમ જીવન વીતાવનાર શ્રેષ્ઠ હિન્દુ નારીઓનાં જીવનચરિત્રો તમે ક્યાંથી મેળવશો ? અને ક્યારે વાંચશો?
- હિન્દુત્વ માટે હસતાં હસતાં ફાંસીને ઝૂલે લટકી ગયેલા કે સમરાંગણમાં લોહીનાં તિલક કરીને શૂરતા સાથે પોઢી ગયેલા સેંકડો શહીદોની ગૌરવમઢી ગાથાઓ તમે ક્યાંથી મેળવશો ? કેટલી મેળવશો? કેટલી વાંચશો ? અને તેમાંથી કયા બોધપાઠ આત્મસાત્ કરશો ?

'મા ભારતીની વહાલી દીકરીઓ ! તમારે તમારા દેશને પાયમાલીના દ્વાર પર મૂકી દેનાર દેશદ્રોહીઓનાં કથાનકો પણ જાણી રાખવાં જોઈએ. જાણો એ અમીચંદો અને જયચંદોને, જેમણે થોડા રૂપિયાની લાલચોમાં વેચાઈ જઈને દેશના ઊંબરા અને દેશની ધરતીને દુશ્મનના પગ તળે છુંદાવા દીધા હતા !

'એ રાજાઓને પણ ન ભૂલો, જેમની એક અસામાન્ય ભૂલનો ભોગ આજે સેંકડો વર્ષોથી આ દેશની પ્રજા બનતી આવી છે.

'પૃથ્વીરાજ ચૌહાણે ૧૭-૧૭ વાર મુહમ્મદ ઘોરીને પકડ્યો, પણ શું કર્યું? કૃષ્ણવચનની અવગણના ! 'આતતાયીઓને હણવામાં પાપ નથી !' અને એક આતતાયીને જીવતો છોડીને એ જ ઘોરીના હાથે તેણે બંધાવું પડ્યું, પ્રાણ આપવા પડ્યા, અને આજ પર્યંત એ દિવસે મળેલી ગુલામીની વ્યથા આપણે સૌ ભોગવી રહ્યા છીએ !...'

– પ્રતિભા ભાંભરીના આ પત્રનું જોશ જુઓ ! આ પત્રમાંથી ટપકતી વ્યથા જુઓ ! અનુભવોના આ ઉદ્‌ગારોમાં જાણે શાસ્ત્રોમાં આપેલો એક આદેશ જાણે વારંવાર કાને પડ્યા કરે છે કે :

'સ્ત્રીએ પોતાના પતિ સિવાય યુવાન, રૂપવાન કે ગુણવાન એવા અન્ય પુરુષોનો સંગ સહજ સ્વભાવે પણ ન કરવો !'

જો પરિણીત સ્ત્રીઓ માટે પણ શાસ્ત્રો આટલી કડક શિસ્તનાં આગ્રહી હોય; તો જે હજુ સંસારમાં પ્રથમ પગલીઓ પાડી રહી છે, એવી કન્યાઓએ તો આ આદેશ માથે ચડાવવો જોઈએ !

અને આટલું જાણવા-સમજવા આંખ અને કાન ખુલ્લાં રાખવાં પડે છે, એ જાણી રાખવું પડે છે કે આવાં તત્ત્વો ક્યાં ક્યાં ફેલાયેલાં છે ? જોખમી સ્થાનો ક્યાં ક્યાં છે ? તે પૂછવાને બદલે હવે એ પૂછવું પડશે, કે એ બધાં કયાં કયાં નથી ? ટ્રેન ને બસમાં, પર્યટનના સ્થળે, મંદિરોની બહાર, કાર ડ્રાઈવિંગ શીખવનારના સ્વાંગમાં કે બ્યૂટી-પાર્લરોમાં, હૉટલોમાં ને કૉલેજ-સ્કૂલોની આજુબાજુ ફરતા આવારા મુફલિસોના સ્વાંગમાં... એ યાદ રહે કે પ્રાથમિક સંબંધોથી જ કન્યાઓ એક પ્રતિભા ઊભી કરે... કડક શિસ્તની આગ્રહી બને...

અને આર્યપુત્રીઓની જાગ્રત માતાઓ !

આપણી લાડલી દીકરીનું જીવન બરબાદીના વહેણ તરફ ધસી પડે, તે પહેલાં, યાદ રહે, તેના જીવનમાં લગ્નના મહિમાનાં બીજ વાવો, હિન્દુત્વની વફાદારીનાં અમૃત પાઓ...

શું તમે જાણો છો ? હવે પ્રી-ટીન બ્યૂટી કોન્ટેસ્ટ શરૂ થઈ ચૂકી છે ? એટલે કે આઠ-દસ વર્ષની બાલિકાઓની સૌંદર્ય સ્પર્ધાઓમાં આ દીકરીઓને બીભત્સતાપૂર્વક સેંકડો આંખો સામે નાચકૂદ કરાવવામાં આવે છે ! મા દુર્ગા, સરસ્વતી અને લક્ષ્મીની પ્રતિકૃતિ સમી આ કળીઓ કોઈ અસુરના પોલાદી પંજા નીચે કચડાઈ જાય તે પહેલાં જાગો ! અને અવશ્ય આટલું ધ્યાન રાખો :

- નાની વયે છોકરા-છોકરીઓના મૈત્રીસંબંધો ખતરનાક નીવડી શકે છે. ભલે બધી છોકરીઓ ડેટીંગ કરતી હોય, તો પણ તમારે તમારી નિર્દોષ કન્યાનું રક્ષણ કરવું અનિવાર્ય છે!
- ૧૧થી ૧૫ વર્ષ સુધીની અણસમજુ પુત્રીને માત્ર પોતાનો અહંકાર પોષવા જ સામાજિક ઉત્સવો અને મેળાવડામાં વધુ પડતું નાચવા-કૂદવાની સ્વચ્છંદતા સમજણપૂર્વક બંધ કરાવવી જોઈએ...
- બને ત્યાં સુધી આપણી દીકરી ત્રણ કે પાંચના ગ્રૂપમાં જ તેની આવન-જાવન થતી રહે... અને આત્મનિર્ભર બને અને પોતાની કારકિર્દી પ્રત્યે જ લક્ષ આપનારી બને એ જરૂરી છે.
- નાની ઉંમરમાં અદ્યતન વસ્તુઓનો વધુ પડતો વપરાશ કે મોટા જેવી જ રહેણી-કરણીનાં જોખમો પણ મોટાં જ હોવાનાં ! સાદાઈના સૌંદર્યનો અનુભવ તેને જરૂરથી કરાવો!
- બાલિકાઓ જ્યારે બાળકો સાથે રમતી કે હળતી-મળતી હોય ત્યારે તમારા કુટુંબને અને તેને છાજે તેટલી અને તેવી જ પ્રવૃત્તિમાં રસ લેવા દો...
- પુત્રીને એટલું જરૂરથી સમજાવો, કે તું જે છે તે સારી જ છે! ઉત્તમ છે! હજુ વધુ ઉત્તમ ગુણો કેળવ... તારી જાતને વધુ ઉજાગર બનાવ...
- અને હા, તમારા ઘરના વાતાવરણને સ્વચ્છ, સુંદર અને કલહ-કંકાસ વગરનું શુદ્ધ રાખો! નહીં તો એ ગંદા અને અશાંત વાતાવરણમાંથી ભાગી છૂટવા તમારી પુત્રી જરૂરથી અણછાજતાં પગલાં ભરી શકે છે... કેમ કે દરેક છોકરી ઈચ્છે છે, પોતાનું ઘર! હોમ ! સ્વીટ હોમ!

ઉપસંહાર

બસ, આથી અધિક તો શું કહેવું ?
હે ભારતની પુત્રી ! હે આર્યપુત્રી ! તને આહ્વાન કરું છું –
તું તારાપણાને ઓળખ...
તને ખબર છે... શાસ્ત્રોએ કહ્યું છે –

विद्या समस्तास्तव देवि भेदा:
स्त्रियः समस्ताः सकला जगत्सु ।

त्वयैकया पूरितमम्बयैतत्
का ते स्तुतिः स्तव्यपरा परोक्तिः ॥ (दुर्गासप्तशती)

અર્થાત્, હે દેવિ ! બધી જ વિદ્યાઓ તમારા જ સ્વરૂપે છે. જગતમાં જેટલી સ્ત્રીઓ છે, બધી જ તમારી મૂર્તિઓ છે. હે જગદંબે ! એક માત્ર તમારા દ્વારા જ આખુંયે વિશ્વ વ્યાપ્ત છે. તમારી સ્તુતિ હું શી રીતે કરું ! તમે તો સ્તવન કરવા યોગ્ય જે કાંઈ છે, તેથી પણ પર અને પરાવાણી છો !

અર્થાત્, બધી સ્ત્રીઓ દેવીનાં જ વિવિધ રૂપ છે. હા, આ જ શક્તિ તારી ભીતર પણ છે.

હે ભારતપુત્રી !

પશ્ચિમની હવામાં આવી જઈ પ્રતિક્રિયાની નહીં, તારે આત્મ-મૂલ્યાંકનની જરૂર છે. પ્રતિક્રિયાવાદી બનવા કરતાં જોઈ લે કે કાલે તું ક્યાં હતી... આજે ક્યાં છે... અને કાલે ક્યાં જવું છે...

હે શક્તિસ્વરૂપા ! તેં પણ તારી જાતને કમનસીબે અબળા તરીકે સ્વીકારી લીધી છે. તને ખબર છે ભારતીય નારીનો લલકાર કેવો હતો ?

यो मां जयति संग्रामे यो मे दर्प व्यपोहति ।
यो मे अतिबलो लोके स मे भर्ता भविष्यति ॥

અર્થાત્ જે મને સંગ્રામમાં જીતી લેશે, જે મારા અભિમાનને હણશે અને જે સંસારમાં મારાથી વધારે બળવાન હશે એ જ મારો પતિ થશે...!

હે આર્યનારી ! આદર્શમાતા મદાલસાને તું કેમ ભૂલી ગઈ છે ? મદાલસાના હાલરડામાં કેવું પ્રાણતત્ત્વ હતું...!

शुद्धोऽसि रे तात न तेऽस्ति नाम
कृतं हि ते कल्पनयाधुनैव ।
पंचात्मकं देहमिदं न तेऽस्ति
नैवास्य त्वं रोदिषि कस्य हेतोः ॥

'હે મારા પુત્ર, તારે નથી પિતા, ને તારે નથી નામ ! એ બધું તો કલ્પનામાત્ર જ છે ! તું તો શુદ્ધ, બુદ્ધ, પ્રકાશમાન આત્મા છે. દીકરા ! આ પંચભૂતનો દેહ તારો નથી. અને આ દેહ પણ તું નથી. તું રડે છે શા કારણે ?...

અને જુઓ, માતા વિદૂલાની વાતો આજે પણ પ્રેરણા આપે છે :

मुहूर्तं ज्वलितं श्रेयः न च धूमायितं चिरम्...!

અર્થાત્ જીવનભર ધુમાડા ઓકવા કરતાં જ્યોત બની પ્રજ્વલિત થવાની એક તક પૂરતી છે.

સ્ત્રી સમાનતાની પશ્ચિમી ચળવળની વાત તારા કાનને ગમે છે ને ? એ પહેલાં તું આપણા ભારતીય જીવન સત્યને નહીં જાણે ?

ઋગ્વેદમાં સૂર્ય સાવિત્રીનું વર્ણન છે –

'સવારનો સૂરજ આવે ત્યારે સવારની રોશની તેનું સ્વાગત કરે, તેના હાથમાં વેદમંત્ર હોય... આંખોમાં જ્ઞાનનું કાજલ હોય... અને સંસારના વિદ્વત્જનો તેના પુરોહિત હોય... સૂરજ અને રોશની સ્વતંત્રતાના બિછાના ઉપર સૂતાં હોય...!'

સ્ત્રી-પુરુષ સ્વતંત્રતાનું કેવું ઉત્કૃષ્ટ ઉદાહરણ છે આ! દુનિયાનો કોઈ કાયદો આજ સુધી જ્યાં પહોંચ્યો નથી ત્યાં ભારતનું ચિંતન પહોંચ્યું છે.

હે આર્યકન્યા ! આજના સંદર્ભમાં આ ચિંતનના અધિષ્ઠાન ઉપર સમાજ જીવનના કાયાકલ્પનો સંકલ્પ તું ન કરી શકે ?

શ્રીમદ્ ભગવદ્ગીતાના કર્મસંદેશને વરેલી ભારતની નારી 'અભય'ને ધારણ કરે એ જ સમયની માગ છે. આપણે ત્યાં સ્ત્રીને શક્તિ સ્વરૂપે નવાજી છે. આ શક્તિની દેવી ક્યારેક દુર્ગા, ક્યારેક સતી સીતા તો ક્યારેક દ્રૌપદી બનીને આવતી હોય છે. એ તને સતત સ્મરણ કરાવે છે કે તારી અંદર પણ દિવ્ય અને અમાપ શક્તિનો વાસ છે.

વેદથી વિવેકાનંદ સુધી, પરાધીનતાથી આઝાદી સુધીની પ્રત્યેક વેળાએ આ શક્તિ જ સમાજધારણાનો આધાર બની છે. સંસ્કૃત વ્યાકરણની રચના કરનાર મહાન પાણિનિની જીવન સંગિનીના આત્મોત્સર્ગને તું નથી જાણતી? તું એ જ નારી પરંપરાની શક્તિ-વાહિની છે જે ભૂમિમાં સદીઓ પહેલાં દુકાળથી વ્યથિત કાશ્મીરનો રાજા અગ્નિસ્નાન કરવા તૈયાર થયો ત્યારે કાશ્મીરની પ્રસિદ્ધ નારી વાક્પુષ્પાએ પરમાત્માને પ્રાર્થના કરી ભોજ્ય-પદાર્થોનો વરસાદ વરસાવી રાજા અને પ્રજાની રક્ષા કરી હતી.

હે આર્યપુત્રી ! તારા શક્તિરૂપને કાન દઈને સાંભળ... તને સંભળાશે સિંધના મહારાજા દાહિરની મહારાણી રાનીબાઈની તલવારોનો અવાજ... જેણે પતિના મૃત્યુ પછી બહેનોનું એક નાનકડું સૈન્ય તૈયાર કરી મુસલમાન આક્રમકો સામે રણમેદાનમાં યુદ્ધ કર્યું હતું.

ઝાંસીની રાણી લક્ષ્મીબાઈ કે ગઢમંડલાના રાણી દુર્ગાવતીની લોકસંગ્રહ શક્તિ અને વીરતા એ તારાં જ તો રૂપ છે. એનો સાક્ષાત્કાર કર.

ક્રાંતિનો શંખ ફૂંકનાર ચાફેકર બંધુઓની માતા, અમર શહીદ રામપ્રસાદ બિસ્મીલની માતા અને શહીદ વીર ભગતસિંહની માતા તારી અંદરની જાગતિક માતૃશક્તિને આહ્વાન કરે છે :

'मेरा परिचय इतना ही, मैं भारत की तसवीर हूँ,
मातृभूमि पर मिटनेवाले, मतवालों की पीर हूँ !
उन वीरों की दुहिता हूँ, जो हँस हँस झूला झूल गए !
उन शेरों की माता हूँ, जो रणप्रांगण में झुक गए !'

'સ્ત્રી' સ્વાતંત્ર્યની ચળવળ કરનાર બહેનો તો વિશ્વમાં બધે હશે, પરંતુ 'વ્યક્તિ' સ્વાતંત્ર્ય કાજે ઝઝૂમનાર નારી તારા જ દેશની પ્રેરણામૂર્તિ છે. ક્રાંતિકારીઓ સાથે ખભેખભા મિલાવીને કામ કરનાર પ્રતિલતા વાદ્દાર, દુર્ગાભાભી, સુશીલા દીદી... જેવાં અસંખ્ય નારી રત્નો તારી પ્રેરણા છે.

આ ભૂમિમાં રસ કસ જ કંઈક જુદાં છે. વિદેશમાં જન્મેલા લોકો પણ આ દેશને પોતાનો કરી ગયા, ભગિની નિવેદિતા, શ્રીમતી એની બેસન્ટ, પોંડિચેરીનાં શ્રીમાતાજી... હે પુત્રી ! તું તો આ ભૂમિનું સંતાન છે. તારી અંદર પણ ભગિની નિવેદિતાનું જાગરણ અવશ્યંભાવી છે.

હે ભગિની ! તું ભણેલી છે કે અભણ તેની મૂંઝવણ ન અનુભવ - તું ગૌરવભેર સ્મરણ કર તદ્દન અભણ વનવાસી ભીલ બાળા કાલીબાઈનું... આઝાદીના સંઘર્ષની એ શહીદ વીરાંગના કે જેણે ડુંગરપુરનાં જંગલોમાં દેશપ્રેમને વરેલા બે શિક્ષકોને બચાવવા પોતાની જાતની આહુતિ આપી હતી.

હે ભારતપુત્રી ! રાષ્ટ્રના કાયાકલ્પ માટે એ જ તો સંકલ્પ-કારિત હતી. જે સ્વને હોમવા માટેની પ્રેરણા હતી. સન ૧૯૪૭ની ભારત વિભાજનની ઘટનાઓ આજે પણ ચિત્કાર કરી રહી છે, પણ આ જ પંજાબમાં અમર ધૌલાગુજરી નામની મહિલાએ આતતાયી મુસલમાનોના છક્કા છોડાવી અનેક આર્યપુત્રીઓના શીલની રક્ષા કરી હતી. દિલ્હીના ચોપરાબંધુઓની આત્મહુતિ પણ ભગિનીઓના શીલની રક્ષા કાજે જ થઈ હતી.

હે ભારતપુત્રી ! ૫ સપ્ટેમ્બર, ૧૯૮૬નો દિવસ તને યાદ હશે જ. કરાંચીના ઍરપોર્ટ ઉપર PAN-M વિમાનમાં ભારત વિરોધી આતંકવાદીઓ

સામે એકલે હાથે સંઘર્ષ કરનાર ઍર હૉસ્ટેસ નિરજા જેણે પોતાના જીવનની આહુતિ આપી અનેક જીવ બચાવી લીધા હતા.

સ્ત્રી શક્તિરૂપ ક્યાં ક્યાં નથી પ્રગટ્યું ? તો પછી આજે તું અબળા કેમ બની ગઈ છે ? મોડું થાય તે પહેલાં આર્યપુત્રી...! ઊઠ...! જાગ...! સમાજ જીવનના કાયાકલ્પ કાજે તું સત્સંકલ્પની વાહક બન, તારી અંદરના સ્ત્રીત્વને પ્રગટાવ... અને સમાજને ચરણે માત્ર 'પુરુષો'ને નહીં, પણ 'માનવ રત્નો'ને ધર.

હે આર્યનારી ! તારી સંકલ્પ શક્તિ દ્વારા નિર્મળ પ્રેમના પહાડ ખડકી દે, જ્યાંથી માતૃભાવની પ્રેમસરિતા નિરંતર વહ્યા કરે. હે આર્યકન્યા ! અબળાના આવરણને આગમાં રાખ કર... તું વીરમતિને ધારણ કર... મહિષાસુર-મર્દિની પણ તારે જ બનવાનું છે. તું એવા સમાજનું સર્જન કર જ્યાં નારીનું ગૌરવ હોય...

તું... તું... અને તું જ... આ સત્સંકલ્પની વાહક બની નવચેતના પ્રગટાવીશ અને ત્યારે જ આ ધર્મ, સંસ્કૃતિ અને રાષ્ટ્ર પરમ વૈભવના શિખરે બિરાજમાન થઈ શકશે.

તમારો મહિમા અપરંપાર છે ! તમારો પરિચય આથી વધુ શું હોઈ શકે ?

ભારતની તસવીર આજે ધૂંધળી બની રહી છે, એને ઝગારા મારતી કરવી એ તમારા હાથમાં છે. પશ્ચિમી સભ્યતાની ધૂળ લૂછી નાખવા તમારા પાલવનો ઉપયોગ કરવાનો હવે આ જ અવસર છે... તમે જાણો, તમારો મહિમા ! તમે જાળવો, તમારું ગૌરવ ! આ દેશમાં મૈત્રેયી અને ગાર્ગી જેવી વેદાંતકન્યાઓ જન્મી હતી. અને રણચંડી દુર્ગા અને ઝાંસીની રાણી પણ અહીં જ પ્રગટી હતી... મીરાંબાઈ, જાનબાઈ અને રત્નાવલી જેવી ધર્મ અને ભક્તિનિષ્ઠ અધ્યાત્મ કન્યાઓ આ જ ધરતીનાં વરદાન હતાં. આ દેવ-સંસ્કૃતિએ તમને માતૃશક્તિ તરીકે સ્થાન આપ્યું છે, તો મા ! જાગો ! પદ્મિની બનીને જૌહર કરી નાખો, પણ દુષ્ટોના હાથનું રમકડું બનવાનું સ્વપ્ન પણ ન જોશો... મદાલસા અને જીજાબાઈ બનીને રાત-સવારે અધ્યાત્મ અને દેશદાઝનાં હાલરડાં ગાઓ. તમારાં સંતાનોને ધરમનાં ધાવણ પાઓ...

કવિ ક્હાનની આ પંક્તિઓ અવિરત તમારા હૃદયનું ગુંજન બને... અને આર્યરમણીનું ધ્યેયગીત બને...

ધન્ય કૂખ જીજાબાઈની, જેથી શિવાજી પાક્યો હતો,
તલવાર કેરી ધાર પર હિન્દુ ધરમ રાખ્યો હતો,
એ પુત્રને પડકાર કરતી : તું મરજે અમર મેદાનમાં,
અમ દેશની એ આર્યરમણી અમર છે ઈતિહાસમાં.

તમારા જ હાથમાં છે, અધ્યાત્મ અને રાષ્ટ્રીયતાના સંસ્કારપ્રવાહને વહેતો રાખવાની ભવ્ય - દિવ્ય જવાબદારી ! તમારાં સંતાનોમાં શૂરતા અને સત્યના સંધાનને સીંચવાની !

તમે અમારે માટે - આ દેશવાસીઓ માટે માત્ર કોડીલી કન્યાઓ જ નથી, સ્વયં સાક્ષાત્ હિન્દુ પરંપરાની રક્ષિકા મા દુર્ગા છો ! ટાગોરના શબ્દોમાં: 'हे पुत्रीओं! तुम विश्व की पालनी-शक्ति की धारिका हो, शक्ति-मती माधुरी के रूप में !'

ભગિની નિવેદિતાના શબ્દોમાં : 'You are the guardians of humanity's ethical ideals ! – તમે જ વિશ્વના માનવીના નૈતિક આદર્શોની આધારશિલા છો ! '

ભગવાન વ્યાસના શબ્દોમાં –

पूजनीया महाभागाः पुण्याश्च गृहदीप्तयः।
स्त्रियाः श्रियो गृहस्योक्ता स्तस्माद् रक्ष्याविशेषतः॥

'હે આર્યપુત્રીઓ ! તમે જ અમારાં ઘરની લક્ષ્મી છો ! સૌભાગ્યશાલિની અને ઘર ઘરની જ્યોતિ છો ! ઘરની શોભા પણ તમે જ છો. પવિત્રતાની મૂર્તિ પણ તમે જ છો ! અને એટલે જ તમારી રક્ષા ભારતવાસીઓની ફરજ છે...' અને સ્વરક્ષા તમારો જન્મસિદ્ધ અધિકાર છે !

રામાયણનો એ ઐતિહાસિક દિવસ છે. શ્રીરામને ગાદી મળશે એ વિચારથી સમગ્ર અયોધ્યા આનંદમગ્ન છે. એ સમયે કૈકેયીના કોપભવનમાં જુદો જ માહોલ વર્તાઈ રહ્યો છે. મહારાજા દશરથ કૈકેયીને તેની બંને માગણીઓ બદલી નાખવા માટે કાકલૂદી કરીને સમજાવે છે. અને કૈકેયી એક જ વાત પકડીને રિસામણે ચડી છે: 'મારા ભરતને અયોધ્યાની ગાદી અને રામચંદ્રને ૧૪ વર્ષનો વનવાસ !'

કૈકેયી કોઈપણ બાંધછોડ કરવા તૈયાર થતી નથી, ત્યારે દશરથ હાહાકાર સાથે આ પંક્તિઓ ઉચ્ચારે છે : 'દેવી ! તમે જરૂર પસ્તાશો. કલંક

તમારું હશે, ને પસ્તાવાની પીડા મારી હશે ! તમારા માથે એવું કલંક લાગશે કે આપણા બંનેનાં મોત પછી પણ, ન તો તમારું કલંક મટશે ! ન તો મારો પસ્તાવો મટશે !

તોર કલંક, મોર પછિતાઊ.
મુય હુ ન મિટ હિ ન જાઈ હિ કાઊ.

(અયોધ્યા ૩૮/પ.૬ રામચરિતમાનસ)

હિન્દુસ્તાનની ધુરાધારિણી પુત્રીઓ, ભારત દેશને તમારે માટે આ પંક્તિ બોલવી પડશે ત્યારે શું થશે ? 'તોર કલંક, મોર પછિતાઊ !' તમારું કલંક આખા ભારતનો પસ્તાવો અને પીડા બનીને વહી નીકળશે, ત્યારે આ દેશના તેજસ્વી ચહેરા પર કેવી કાલિમા લીંપાશે ! એને કોણ લૂછશે ? એ કલંકને ધોવા કદાચ ગંગાજળની સાથે તમારાં અશ્રુજળ પણ વહી નીકળશે, પણ એ કલંક અમીટ બની રહ્યું હશે. આ દેશ પર, દેશના ભૂતકાળને સંપન્ન બનાવનાર નારીશક્તિ પર દયા લાવીને તમારે હવે તમારાં શીલ, સાદગી અને પવિત્રતાની અંજલિઓ રોજ ભારતમાતાને ચરણે ચઢાવવાની છે...

ભારત રાહ જુએ છે તમારી પાસેથી એવા અધ્યાત્મવીરોની, જે આ દેશની જાહોજલાલીને દરિયાપાર ફેલાવે; અને ભારત રાહ જુએ છે એવા સમરાંગણના વીરોની, જે ભારત માતાની આણ-આબરૂને નવખંડ ધરતીમાં પ્રસરાવે...

કૃષ્ણની બહેન બનો, અર્જુનની પત્ની બનો, અભિમન્યુઓની માતા બનો. આ દેશે ઘણું ખમી લીધું છે, પણ હવે એના સંતપ્ત હૈયા પર અમૃતની સરવાણી બનીને વહી નીકળો...

જુઓ, સ્વામી વિવેકાનંદ તમને - અમને સૌને પૂછે છે :

'એક કન્યાનું શીલ વધારે કે હજારો લોકોના પ્રાણ ? ભારતવર્ષનો ધર્મ ભારતના પુત્રોથી સ્થિર છે કે પુત્રીઓથી ?' અને ઉત્તર પણ તેઓ જ આપે છે : 'શીલ હજારોના પ્રાણથીયે અધિક છે, અને શીલવતી પુત્રીઓ સેંકડો પુત્રોથીયે અધિક છે !'

મુઝાહિર અલી સૈયદ લંડનની રિચમન્ડ કોલેજમાં ઈકોનોમિક્સમાં ભણતો હતો. ભારતીય મુસ્લિમ પરિવારની સુશીલ કન્યા નયારે અલી સાથે તેનો મુંબઈમાં પરિચય થયો. કરાંચી ગયો, ત્યાં પત્રવ્યવહાર ચાલ્યો. બંનેનાં લગ્ન થયાં. લંડનમાં સેટલ થયાં. પણ મુઝાહિરના પિતાએ ધીરે ધીરે સ્વરૂપ ઉઘાડું કરવા માંડ્યું. ફરજિયાત પણે નયારેને પાકિસ્તાની નાગરિક બનાવી દીધી. મુઝાહિરે પણ લગ્નના ચાર જ મહિનામાં પત્નીને ફટકારવા માંડી. જ્યારે નયારેને જાણ થઈ કે પતિ મુઝાહિર તો ડ્રગ્સનો ભયંકર બંધાણી છે, ત્યારે તેના પગ નીચેથી ધરતી સરકી ગઈ. થોડા જ મહિનાઓના ગાળામાં તે ડ્રગ્સ છોડવા ૧૦ વાર હોસ્પિટલમાં દાખલ થયો, માનસિક રીતે એ પાગલ થઈ ગયો... સાસરિયાંઓ પુત્રની આ હાલત માટે વહુને દોષિત ગણાવી તેને ધુત્કારતાં રહ્યાં... આખરે 'તલાક' મંજૂર કરાવાયા. ભારતીય નાગરિકતા પાછી મેળવવા છ છ વર્ષ સુધી નયારેએ પાકિસ્તાનના ઘરમાં જુલમોની કેદ નિભાવી. આખરે એ પળો આવી પહોંચી, જ્યારે કલેક્ટર ઓફિસમાં તેણે ભારતીય બંધારણને વફાદાર રહેવાના શપથ લીધા...! તે લખે છે : 'આ શપથ લીધા ત્યારે મારી આંખોમાં હર્ષનાં આંસુ હતાં... ભારતીય હોવું એટલે શું ? તેનો મને અહીંના પવિત્ર માહોલમાં પ્રવેશ કર્યા પછી તીવ્ર અહેસાસ થઈ રહ્યો હતો...'

જો એક કટ્ટર મુસ્લિમ પરિવારની કન્યાનો અનુભવ આવો ખોફનાક હોય, તો જે મુસ્લિમ પરિવારમાં હિન્દુ કન્યા 'પ્રેમ'ના નામે મુસ્લિમ બનીને 'સુખી ઘર'નાં સ્વપ્નમાં રાચવા માંડે છે, તેવી કન્યાઓની બરબાદીનું તો પૂછવું જ શું ?

ભારત તમારા રક્તમાં છે.

ભારત તમારા દિલમાં છે.

હે આર્યપુત્રીઓ !

'પ્રેમ'ના નામે ફૂંકાતા છેતરામણા પવનો વાસનાના ઝંઝાવાતમાં તમને ઢસડી જશે, ત્યારે તમે માત્ર તમારી જાતને જ નહીં, પરિવારને, સમાજને, ધર્મને, આપણી સનાતન ધર્મની પરંપરાને છેતરો છો... પરંતુ જ્યારે સંયમ, સંસ્કાર અને શીલની પ્રતિમૂર્તિ બનો છો, ત્યારે જગતને ઉજાળનાર જ્યોતિ બનીને પ્રગટો છો... હા, ઝંઝાવાતમાં અથડાતી દિશાહીન નૌકા બનવું એ પણ તમારા હાથમાં છે... ચારિત્ર્યના અંધકારમાં જ્યોતિ બનવું તે પણ તમારા હાથમાં છે !

ઋષિઓ કહી ગયા છે :

'संस्कृता स्त्री पराशक्तिः ।'

'શીલવતી સંસ્કારી સ્ત્રી પરમ શક્તિ છે !'

પ્રજાતંતુના વિકાસમાં સ્ત્રી - પુરુષ બંનેનું યોગદાન છે,

પણ પુત્ર-પુત્રીઓના જીવન ઘડતર, પાલન-પોષણ અને

શિક્ષણ-સંસ્કારમાં જો કોઈનો અપ્રતિમ પ્રભાવ હો તો 'મા'નો છે, સ્ત્રીનો છે.

'प्रजाविशुद्धार्थं स्त्रियं रक्षेत् ।'

'શુભ સંસ્કારવાળી પ્રજાની પ્રાપ્તિ માટે સ્ત્રીની રક્ષા કરો !'

આ નાદ બહુ પ્રાચીન છે, પણ આ નાદની સૌથી વધુમાં વધુ આવશ્યકતા

વર્તમાન યુગમાં ઊભી થઈ છે.

વિરાટ ધરતી પર આપણી હિન્દુ પ્રજાની હિન્દુસ્તાન એકમાત્ર માતૃભૂમિ છે !

અને આપણી પુત્રીઓના હૃદયમાં આ દેશની અસ્મિતાનો દીવો

દિવસે ને રાતે સતત ઝાંખો થતો જણાઈ રહ્યો છે...

આધુનિકતા, સ્વચ્છંદતા અને પરધર્મીઓના રૂપરંગના ચાળે ચડેલી

આ યુવતીઓનું કાંડું પકડીને એમને રાષ્ટ્રીય પ્રવાહની દિશા કોણ સૂચવશે ?

આધ્યાત્મિક ઊંચાઈઓ પર નજર નાખતાં કોણ શીખવશે ?

'स्वधर्मे निधनं श्रेयः परधर्मो भयावहः ।'નો ગીતાનાદ એમને

કોણ સંભળાવશે ? પોતાના ધર્મ સાથે કે પોતાના ધર્મ માટે મરી જવું બહેતર છે,

પણ પરધર્મમાં પ્રવેશ ભયાનક છે – કૃષ્ણનો આ સંદેશ

આપણી પુત્રીઓનાં અંતરદ્વાર જલદીથી ઉઘાડે...

એવી ઊંડી આશા સાથે આ પુસ્તિકા

ભારતની માતૃશક્તિનાં ચરણે

અર્પણ છે !

દેવાશિષ પ્રકાશન

10158
BG731